# પ્રકરણ-૨

# ગાંધીજીની રચનાત્મક પ્રવૃતિઓમાં અસ્પૃશ્યતા નિવારણનું મહત્ત્વ

## ❖ મોહનદાસ કરમચંદ ગાંધી

### ➢ ગાંધીજીનો જીવન પરિચય

ગાંધીજીનો જન્મ સંવત ૧૯૨૫ના ભાદરવા વદ ૧૨ને દિવસે એટલે કે, ૨જી ઓક્ટોમ્બર, ૧૯૮૯માં થયો હતો. તેમનો જન્મ પોરબંદર (સુદામાપુરીમાં) થયો હતો. તેમના પિતાનું નામ કરમચંદ ગાંધી હતું. તેઓ કબા ગાંધી તરીકે ઓળખાતા હતા. કરમચંદ ગાંધીના જીવનની વિચિત્રતા એ હતી કે તેમને એક પછી એક એમ ચાર પત્નિઓ સાથે ઘર બાંધવું પડ્યું હતું. ચોથા નંબરના પત્નિ પૂતળીબાઈથી એક પુત્રી અને ત્રણ પુત્ર જન્મ્યા હતા. આ ત્રણ પુત્રોમાં ગાંધીજી સૌથી નાના હતા. ગાંધીજીએ બાળપણ પોરબંદરમાં વિતાવ્યું હતું. બાળપણનું શિક્ષણ પોરબંદરથી પુરું કર્યું હતું. આ પછી પોરબંદરથી પિતાજી સ્થાનિક કોર્ટના સભ્ય તરીકે રાજકોટ ગયા ત્યારે ગાંધીજીની ઉંમર સાતેક વર્ષની હતી. પિતાજી રાજકોટ તેમના કારભાર માટે આવી ગયા, તેથી ગાંધીજીનું ભણતર રાજકોટની ગામઠી શાળામાં થયું. ગાંધીજીનું લગ્નજીવન ૧૩ વર્ષની નાની ઉંમરે શરૂ થઇ ગયું હતું. જો કે, પરિવારમાં એક દુઃખદ ઘટના બની. પિતાજીના મૃત્યુ પછી ગાંધીજીના શિક્ષણનો પ્રશ્ન પરિવારમાં ઉભો થયો. પિતાજીના જુના મિત્ર માવજી દવે જેઓ ફક્ત મિત્ર જ ન હતા પણ ગાંધી પરિવાર માટે એક સલાહકાર અને વિદ્વાન, વ્યવહારકુશળ બ્રાહ્મણ હતા. તેમણે કરમચંદ ગાંધીના અવસાન પછી પણ કુટુંબ સાથેનો સંબંધ કાયમ રાખ્યો હતો. આ માવજી દવેના કહેવાથી જ ગાંધીજીનું વિદેશમાં અભ્યાસ માટે જવાનું નક્કી થયું હતું. એ મુજબ ગાંધીજીએ ઇ.સ. ૧૮૮૮ના સપ્ટેમ્બરની ૪થી તારીખે મુંબઇનું બંદર છોડ્યું અને તેઓ વિદેશ પહોંચી ગયા. શિક્ષણ પુરું કર્યા પછી પ્રિટોરીયામાં વકીલાત શરૂ કરી. થોડા વર્ષ વિદેશ રહ્યા પછી ગાંધીજી ઇ.સ. ૧૯૧૫માં ભારત પાછા ફર્યા.

## ➢ ગાંધીજીના અસ્પૃશ્યતા નિવારણ તરફ વળવાના પ્રેરક પરિબળો

અહીં નોંધવા જેવું છે કે, મહાન પુરૂષો જન્મજાત મહાન હોતા નથી. તેમને મહાન બનાવવાની પાછળ ઘણાબધા પરિબળો કામ કરતા હોય છે. જેમ કે માતા-પિતાનો સંસ્કાર વારસો, પરિવારનું વાતાવરણ, જે જગ્યાએ રહેતા હોય તે પ્રદેશનું સામાજિક અને રાજકીય વાતાવરણ વગેરે જેવા પરિબળો વ્યક્તિને મહાન બનાવવા માટે ખૂબ જ ઉપયોગી થતા હોય છે. અસ્પૃશ્યતા સામે અવાજ ઉઠાવવા માટે ગાંધીજીને નાનપણથી જ અનેક પરિબળો પ્રેરણાદાયી રહ્યા હતા. જેમ કે અસ્પૃશ્યતા એ અધર્મ છે. એ સત્ય બાર વર્ષની કુમળી વયે ગાંધીજીને પ્રાપ્ત થયું હતું. એ વખતે તેમણે ઘરના ઉકા નામના ભંગીને અસ્પૃશ્ય ગણવા સામે પોતાની માતા સાથે ઝઘડો કરેલો. તે વખતે ગાંધીજીએ વિરોધરૂપે કહેલું કે, અસ્પૃશ્યતા ધર્મસંમત નથી, અસ્પૃશ્યતા ધર્મસંમત હોય એ વસ્તુ તદ્દન અશક્ય છે.ગાંધીજીએ કહ્યું છે કે, તે દિવસે ભંગીના રૂપમાં ઈશ્વરને અવતરતા મેં જોયા.'[૧] બીજો એક પ્રસંગ ગાંધીજી તેમની આત્મકથામાં લખે છે કે, બીજાઓની જેમ મને જનોઇ પહેરાવવાનો પ્રયત્ન કરેલો પણ મારી ઉપર તેમની દલીલની અસર ન થઇ, શૂદ્ર જનોઇ ન પહેરે તો બીજા વર્ણ કેમ પહેરે ? મને જનોઈનો અભાવ નહોતો પણ તે પહેરવાના કારણોનો અભાવ હતો.[૨] તેઓ તેમની આત્મકથામાં લખે છે કે હું ભણવામાં કાચો હતો. જો કે એ પછી તેઓ વિદેશ ભણવા ગયા અને ત્યાં ભારતીયો સાથે થતો અન્યાય અને પોતાની સાથે થયેલ અન્યાયમાંથી સેવાનું બીજ રોપાયું હતું. ઉદાહરણ તરીકે જોઇએ તો, ભારતીયોને વિદેશમાં અંગ્રેજો 'કુલી' કહેતા, ભારતીય વ્યાપારીઓ 'કુલી વેપારી' તરીકે ઓળખાતા, ગાંધીજી 'કુલી બેરીસ્ટર' તરીકે જ ઓળખાતા હતાં.[3] ગાંધીજી સાથે બનેલ ખૂબ જ વેધક પ્રસંગ અહીં નોંધવા જેવો છે એ પ્રમાણે, ગાંધીજીએ બેરીસ્ટરના હોદ્દાને છાજે એ રીતે ટ્રેનમાં પહેલા વર્ગની ટિકીટ કઢાવી પણ એ 'કુલી બેરીસ્ટર' હતાં એટલે રાત્રે ટ્રેન મેરિત્સબર્ગ સ્ટેશને પહોંચી ત્યારે એક અમલદારનો આદેશ થયો, 'તમારે છેલ્લા ડબામાં જવાનું છે.' ગાંધીજીએ દલિલ કરી કે, 'મારી પાસે પહેલા વર્ગની ટિકીટ છે' અને ન ઉતરવાની હઠ પકડી. પરિણામે એમને ધક્કો મારીને

ઉતારવામાં આવ્યા, ત્યાં એમણે આખી રાત કડકડતી ઠંડીમાં ચિંતમગ્ન દશામાં વિતાવી. અંતે તેઓ એવા નિર્ણય પર આવ્યા કે 'મારા ઉપર દુઃખ પડ્યું તે તો ઉપરચોટીયું દર્દ હતું.' ઊંડે રહેલા એક મહારોગનું લક્ષણ હતું. આ મહારોગ તે રંગદ્વેષ. એ ઊંડો રોગ નાબૂદ કરવાની શક્તિ હોય તો તે શક્તિનો ઉપયોગ કરવો તેમ કરતાં જાત ઉપર દુઃખ પડે તો તે બધું સહન કરવા અને તેનો વિરોધ રંગદ્વેષ દૂર કરવા પૂરતો જ કરવો. આ નિશ્ચય સાથે એમણે આગળની મુસાફરી શરૂ કરી. વચ્ચે સિગરામમાં બેઠાં. તેમાં પણ એમને માર અને અપમાન સહન કરવા પડ્યા.[૪] બીજો એક પ્રસંગ અહીં નોંધવા જેવો છે એ મુજબ, પ્રિટોરીયામાં ગાંધીજીને કુલીપણાનો (આપણે 'કુલી' શબ્દનો અર્થ માત્ર મજૂર જ કરીએ છીએ, દક્ષિણ આફ્રિકામાં તે શબ્દનો અર્થ હલકો, પંચમ્ ઇત્યાદી તિરસ્કાર વાચક હતો.) કડવો અનુભવ એક વખત થયેલો. રોજના નિયમ મુજબ ગાંધીજી ફરવા નિકળ્યા અને પ્રેસિડેન્ટ ક્રૂગરના ઘર આગળથી જઇ રહ્યા હતા. તેવામાં ત્યાં પહેરો ભરતા એક ડચ સિપાઇએ લાત મારીને એમને ફૂટપાથ પરથી ઉતારી મૂક્યા. તે વખતે ત્યાંથી પસાર થઇ રહેલા ગાંધીજીના મિત્ર મિ. ક્રોટ્સે આ દૃશ્ય જોયું અને ગાંધીજીને કેસ કરવાની સલાહ આપી. ગાંધીજીએ કહ્યું, મેં તો નિયમ જ કર્યો છે કે મારી જાત ઉપર વીતે તેને સારું મારે અદાલતે ન જ ચડવું. એટલે મારે કેસ નથી કરવો.[૫] આખી હિંદુ કોમને થતા આવા અન્યાયો સામે એમને સંગઠિત કરી જે વ્યાપક નૈતિક લડાઇ ગાંધીજી પાછળથી લડ્યા તેના નેતૃત્ત્વની લાયકાત તેમના આ ઉદ્ગારોમાંથી પ્રગટ થાય છે. બધાના હિત ખાતર વ્યક્તિ પોતાનું હિત જતુ કરે તો એ આપભોગ અને સંયમમાંથી પ્રગટતી આત્મશક્તિ અને નૈતિકશક્તિ વધારે છે. ગાંધીજીની આ વિચારસરણી એમના વ્યક્તિ ઘડતરનું રહસ્ય પ્રગટ કરે છે. આ સિવાય ઘણા અન્યાયો ભારતીયો પર થતાં તે ગાંધીજીએ જોયા હતા.જેમ કે, ઓરેન્જ ફ્રી સ્ટેટમાં ઇ.સ. ૧૮૮૮માં એક કાયદા દ્વારા ભારતીયો પાસેથી બધા હક્ક છિનવી લેવામાં આવ્યા હતા. માત્ર હોટલના વેટર તરીકે મજૂરી કરી શકાતી નથી. દક્ષિણ આફ્રિકાના ટ્રાન્સવેલ શહેરમાં ગોરાઓએ હિંદીઓ ઉપર ઘણા કાયદાઓ લાદ્યા હતા. ઇ.સ. ૧૮૮૬માં અહિંના પંચે ઠરાવ કર્યો હતો તે પ્રમાણે, દરેક શહેરમાં હિંદુઓનો વસવાટ

શહેરથી ઘણે દૂર અને ગંદામાં ગંદી જગ્યાએ રાખવામાં આવ્યા હતા. ત્યાં પાણી-બત્તીની સગવડ ઓછામાં ઓછી, પાયખાના સાફ કરવાનું પણ તેવું જ, એટલે ગાંધીજી ખુદ સ્વીકારે છે કે, આપણે અહીં ટ્રાન્સવેલની પંચમ્ જાતિ બન્યા અને તેથી આ વાડાઓ અને હિંદુસ્તાનના ઢેડવાડાઓમાં કંઈ જ તફાવત નહી એમ કહી શકાય. ગાંધીજી નોંધે છે કે, જેમ હિંદુ ઢેડને અડકવાથી અથવા ઢેડના પડોશથી ગોરા અભડાય એવી સ્થિતિ લગભગ આવી હતી.[૬] આ ગોરાઓની નીતિમાં ગાંધીજીને અસ્પૃશ્યતાના દર્શન થયા હતા. તેઓ ખુદ સ્વીકારે છે કે ભારતમાં હિંદુઓ જે ત્રાસ અસ્પૃશ્યો પર ગુજારે છે તેઓ ત્રાસ ગોરાઓ ભારતીયો પર વિદેશમાં (દક્ષિણ આફ્રિકામાં) ગુજારે છે. કહી શકાય કે, આ અનુભૂતિ જ ગાંધીજી માટે અસ્પૃશ્યતા નિવારણનું બીજ હતું. દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિને કારણે ગાંધીજીને અંગ્રેજોથી જે રીતે અપમાનિત થવું પડ્યું હતું. તેમાં જ અસ્પૃશ્યતા નિવારણના મૂળ રહેલા છે. ગાંધીજી લખે છે કે ‘બીજા પાસે આપણે જેવા વર્તનની આશા રાખીએ એવું વર્તન આપણે અસ્પૃશ્યો પ્રત્યે દાખવવું જોઈએ.’ ગાંધીજીએ વિચાર્યું કે, ‘અસ્પૃશ્યતાના ગુનાની શું આપણને યોગ્ય શિક્ષા નથી થઈ ? આપણે જેવું વાવ્યું છે તેવું લણ્યું નથી ? આપણા પોતાના જ સ્વજનો પર શું આપણે ડાયરશાહી અને ઓડવાયરશાહી ચલાવી નથી ? આપણે અસ્પૃશ્યતાને અલગ વાડામાં કાઢવાને બદલામાં બ્રિટીશ સંસ્થાનોએ આપણને અલગ વાડામાં કાઢ્યા છે.’[૭]

આ ઉપરાંત અન્ય કારણોમાં રસ્કિનની ‘અન ટૂ ધી લાસ્ટ ’ પુસ્તકની અસરને પણ અવગણી શકાય નહિ.

ઉપર મુજબના પ્રસંગોનો અભ્યાસ કરતા જણાશે કે, ગાંધીજીને અસ્પૃશ્યતા નિવારણ તરફ વાળવા માટેનું વાતાવરણ ઊભું કર્યું હતું.આ પ્રસંગોમાં જ અસ્પૃશ્યતાનું મૂળ રહેલું છે. આ પ્રસંગોમાંથી જ ગાંધીજીને અસ્પૃશ્યતા નિવારણ માટેની કે દલિતોદ્ધાર માટેની તાલાવેલી જાગી હતી એમ કહી શકાય.

## ➢ ગાંધીજીનો ભારતના જાહેર જીવનમાં પ્રવેશ

ઈતિહાસ સાક્ષી છે કે, પ્રતિભાવાન પુરૂષો નવી પરિસ્થિતિ સર્જે છે, તેમાં પલટો લાવે છે અથવા તો પરિસ્થિતિ પ્રતિભાવાન પુરૂષોને સર્જે છે. એવો વાદવિવાદ ઘણા લાંબા સમયથી ચાલતો આવ્યો છે. પ્રતિભાસંપન્ન પુરૂષો પરિસ્થિતિમાં પલટો લાવે છે. એ એક ઐતિહાસિક સત્ય છે. તે જ રીતે પરિસ્થિતિ પણ તેને જરૂરી પ્રતિભાશાળી પુરૂષો પેદા કરતી હોય છે. આ ઈતિહાસનું એક સ્વયંસ્પષ્ટ તારણ છે. જો કે, કોણ કોને કઇ રીતે સર્જે, પલટે કે અસર કરે છે તે અભ્યાસના કેન્દ્રસ્થાને ન હોવાથી અહીં તેની ચર્ચા યોગ્ય ગણાશે નહી, પરંતુ એટલું જરૂર તારવી શકાય કે સાચુ અને પૂરું તથ્ય તો ઈતિહાસમાં આ બંને તારણના સમન્વયમાં રહેલું છે. જે તે કાળની પરિસ્થિતિ તે કાળના જરૂરી એવા પ્રતિભાશાળી પુરૂષોને સર્જતી હોય છે અને તે સાથે જ એવા પુરૂષો પરિસ્થિતિ પર પોતાની પ્રતિભાની અસર પહોંચાડતા હોય છે.ટૂંકમાં, બંને એકબીજાને સર્જે છે તેને અસર કરે છે, પરંતુ ઈતિહાસના કાળપ્રવાહમાં આ સમન્વિત સત્ય એક સરખું કે એકધારૂં કામ કરતું જોવા મળતું નથી. કયારેક ફળદ્રુપ સમયમાં પ્રતિભાશાળી પુરૂષોની પરંપરા પ્રગટ થતી હોય છે, તો કાયરેક તેની તાણ વર્તાતી પણ હોય છે. તો કયારેક તો એવો વંધ્ય કે સ્થગિત સમય કે પરિસ્થિતિ આવી જતા હોય છે કે પ્રજાની જે તે પરિસ્થિતિમાં કોઇ મોટી પ્રભાવશાળી મહાન વ્યક્તિ નજરે ચડતી નથી. સદ્‌ભાગ્યે હિંદમાં પ્રતિભાશાળી નાની કે મોટી વ્યક્તિઓની કે મહાપુરૂષોની ક્યારેય ખોટ વર્તાઇ નથી. હિંદની ફળદ્રુપ ભૂમિમાં એક યા બીજા મહાપુરૂષોની પરંપરા સતત સદૈવ ચાલુ જ રહેવા પામી છે. આ પરંપરાને અનુસરીએ તો છેક પ્રાચીન સમયથી અસ્પૃશ્યતાને નાથવાના એક યા બીજા પ્રકારે પ્રયત્નો થયા છે અને આ પ્રયત્નો કરવાવાળા મહાપુરૂષો મળ્યા છે. ઉદાહરણ તરીકે લઈએ તો ગૌતમ બુધ્ધ,મહાવીર સ્વામીથી માંડીને મહારાજા સયાજીરાવ ગાયકવાડ સુધીના મહાપુરૂષોએ અસ્પૃશ્યતાને નાથવાના પ્રયત્નો કરી, અસ્પૃશ્યોનો પક્ષ લીધો હતો.

૧૮૫૭ના વિપ્લવ પછી હિંદની પરિસ્થિતિમાં સુધારો જરૂરી હતો. ગરીબી, અંધશ્રધ્ધા, શોષણ જેવી અનેક બદીઓમાંથી હિંદને બહાર કાઢવા માટે સુધારા યુગ શરૂ થયો.

આ સુધારા યુગના આગેવાનો સમાજ સુધારકોનું લક્ષ્ય પ્રથમ સામાજિક સુધારો કરવા તરફ, તે સાથે ધાર્મિક અને સાંસ્કૃતિક અને શૈક્ષણિક ઉત્થાન કરવા અંગે તથા આર્થિક વિકાસ સાધવા કે આર્થિક શોષણ અટકાવવા તરફ ગયું. આ પ્રકારના સુધારા કે સ્વરક્ષણના કાર્ય સાથે રાજકીય જાગૃતિ લાવવા અંગે પણ ધીમે ધીમે આગેવાનો અને પ્રજાની આંખ ઉઘડવા માંડી હતી.કેમ કે પશ્ચિમની સંસ્કૃતિની અસરના લીધે હિંદની પ્રજાના દરેક પાસામાં સુધારાઓ આવવા લાગ્યા હતા.

અને આખરે ૨૦મી સદીમાં ભારત જે નવાયુગ અને નવા નેતાને ઝંખતું હતું તે નવા નેતા તરીકે ગાંધીજી ભારતના જાહેર જીવનમાં પ્રવેશ્યા. હકીકતમાં નવા યુગની શરૂઆત, જે દિવસે ગાંધીજીએ આ દેશના જાહેર જીવનમાં પ્રવેશ કર્યો હતો ત્યારથી જ થઇ ગયો હતો. હિંદના જાહેર જીવનમાં ગાંધીજીએ પગ મુકતા જ ભારતમાં મનુષ્યનું આખુ જીવન દર્શન જ બદલાઇ ગયું.જમાનાની કહીએ કે સભ્યતાની કહીએ, વ્યાખ્યા જ બદલાઇ ગઇ અને જયાં પશ્ચિમી સંસ્કૃતિને આદર્શ ગણવામાં આવી હતી, એની ખોટી પ્રતિષ્ઠાની જડ ઢીંલી પડી અને ભારતીય સંસ્કૃતિને આદરની દૃષ્ટિથી દેખવા લાગ્યા. ગાંધીજી હિંદમાં આવ્યા ત્યારે એમની સાથે એમની આશ્રમ મંડળી આવી હતી. ગાંધીજી એક નક્કી જગ્યાએ સ્થિર થાય ત્યાં સુધી એ મંડળીને ગુરૂદેવ રવિન્દ્રનાથ ટાગોરના શાંતિ નિકેતનમાં અને પછીથી કાંગડી ગુરૂકુળમાં રાખવામાં આવી હતી. ગાંધીજી ગોપાલકૃષ્ણ ગોખલેને પોતાના રાજકીય ગુરૂ માનતા હતા. એમનો આદેશ હતો કે સ્વદેશ આવીને સેવાના કામમાં ઉતાવળ ન કરે. એક વર્ષ સુધી કોઇપણ જગ્યાએ ભાષણ, લેખ વગેરે દ્વારા કોઇપણ વિષય પર પોતાના વિચારો રજૂ કરવામાં ઉતાવળ ન કરે. દેશની પરિસ્થિતિને બરોબર સમજી લે. જાહેર જીવનના સેવકો,નેતાઓના વિચારો અને કાર્યપધ્ધતિનો ખૂબ જ ઊંડાણપૂર્વક અભ્યાસ કરે, પોતાની શક્તિ અને મર્યાદાઓને જાણી લે, આ પછી જ જે પણ કહેવા-કરવાનું હોય તે કહે-કરે. ગોખલેના સૂચન પ્રમાણે ગાંધીજીએ હિંદના જાહેર જીવન વિશે જાણ્યું, સમજયા અને એ પ્રમાણે રહ્યા. ડૉ. અરુણ વાઘેલા નોંધે છે કે, ભારતની ગરીબી, સામાજિક પછાતપણુ, વ્યાપક નિરક્ષરતા,

સંસ્કૃતિ અને ધર્મ વિશેના રૂઢિચુસ્ત ખ્યાલોનું પ્રત્યક્ષ દર્શન કર્યું. ખાસ નોંધવા જેવું છે કે, આ સમયે ભારતીય રાજકારણમાં જહાલવાદી અને મવાળવાદી નામની બે રાજકીય વિચારધારાઓ પ્રચલિત હતી. બંનેના અભ્યાસ પછી, ગાંધીજીએ રાજકીય આંદોલન વાસ્તવિક અર્થમાં સ્વરાજય લાવવા માટે પુરતુ નથી. એવો નિષ્કર્ષ કાઢ્યો. પરિણામ સ્વરૂપે બંને પક્ષોની પધ્ધતિઓ એકાકાર પામી. એ અખંડ કાર્ય પધ્ધતિરૂપે નવજીવન પામી. પોતાની પૂર્વેના નિશ્ચિત દિશા અને ધ્યેય વિનાના રાજકીય આંદોલનોને ગાંધીજીએ રાષ્ટ્ર અને સમાજની નવરચનાની દિશામાં વિસ્તાર્યા એમાં ભારતીય સમાજની વાસ્તવિકતાઓ, એમાં રહેલી પરિવર્તનની શક્યતાઓમાં પોતાના અનુભવોને આધારે કેટલાક નવા પરિણામો ઉમેર્યા. જેવાં કે આર્થિક સ્વાવલંબન, ગ્રામોધ્ધાર અને અન્ય સામાજિક સમસ્યા કેન્દ્રી બાબતો. ઉદાહરણ તરીકે અસ્પૃશ્યતા નિવારણ, કોમી એકતા વગેરે. આ બધા માંથી પ્રચંડ રાજકીય કાર્યક્રમની શક્તિ ઉપજાવી. રાજકારણને સમાજકારણ, રાષ્ટ્રનિર્માણ સાથે જોડવાની ગાંધીજીની નવતર પદ્ધતિને લઇ પ્રજામાં નવી ઉર્જા પેદા થઇ. ગાંધીવાદી કાર્યક્રમને વ્યાપક જનાધાર મળ્યો.[૮]

ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમ અને રચનાત્મક પ્રવૃતિને જાણતા પહેલા દલિતોની દયનીય સ્થિતિને જાણવી જરૂરી બને છે. કેમ કે દલિતોની દયનીય સ્થિતિ સમજાય તો જ ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમમાં અસ્પૃશ્યતા નિવારણને તેમણે આપેલ મહત્ત્વને સમજી શકાય તેમ છે. તેથી પહેલા દલિતોની દયનીય સ્થિતિ જાણવી અને સમજવી અહીં જરૂરી ગણાશે.

- **દલિતોની દયનીય સ્થિતિ**

ગાંધીજીના આગમન સમયે દલિતોની સ્થિતિ ખૂબ જ દયનીય હતી, તેઓ ‘હડેહડ’ ની સ્થિતિ ભોગવતા હતા એ એક હકીકત છે. અહીં અસ્પૃશ્યોની દયનીય સ્થિતિના કેટલાક

દાખલાઓ અને પ્રસંગો પરથી પ્રસ્તુત બાબતોનો અંદાજ આવશે જ, સાથે અંત્યજોના દુઃખ-દર્દો અને અપમાનજનક સ્થિતિનો ખ્યાલ પણ આવી શકશે.

છેક પ્રાચીન સમયથી ઢેડ, ભંગી અને અન્ય અસ્પૃશ્યો સવર્ણોથી જુદા તરી આવે અને તેમને સ્પર્શ કરવાના પ્રસંગો ન બને તે હેતુથી તેમને ખાસ વસ્ત્રો અને શિંગડા ધારણ કરવા પડતા અથવા તો થૂંકવા માટે ગળે કુલળી લટકાવવી ફરજિયાત હતી.[૯] અસ્પૃશ્યો સૌથી ઉતરતી કક્ષાના ગણાતા હોવાથી તેમને સૌથી હલકા પ્રકારના અને હીન કક્ષાના ગણાતા વ્યવસાયો જ કરવા પડતા, કે જે વ્યવસાયો સવર્ણ જ્ઞાતિઓ માટે નિષિધ ગણાતા. ગામની સફાઇ કરવી કે મેલુ ઉપાડવું, મરેલા ઢોર ઉપાડવા, ઢોરના ચામડા સાફ કરી પકવવા વગેરે કામો તેમને ભાગે રહેતા. ગામના તેમજ ઉચ્ચ વર્ણના લોકોના ઘરના આવા કામો માટે તેમને કશુ વેતન મળતું નહી. ઉચ્ચ વર્ણોની અને ગામની સેવા કરવી એ તેમની ફરજ મનાતી. તેમની પાસે ફરજિયાત વેઠ પણ કરાવવામાં આવતી. બદલામાં વાર તહેવારે રાંધેલો ખોરાક મળતો અને નવો પાક ઉતરે ત્યારે આવા દરેક સેવક કુટુંબને નક્કી કરેલ પ્રમાણ મુજબ અનાજ અપાતું, જેનાથી ભાગ્યે જ તેમના કુટુંબનું ભરણ પોષણ થતું. તેથી તેઓ રાતના રોટલો માંગવા નીકળતા. તેમાં વધ્યુ ઘટ્યું કે છાંડેલુ ભોજન ઓછાવત્તા પ્રમાણમાં, દયાળુ લોકો પાસેથી મળતું.[૧૦] પહેલા તેમના ઉપર ખાનપાન, રીતભાત, પહેરવેશ, રહેઠાણ વગેરે બાબતોમાં ઘણા નિયંત્રણો હતા અને સામાજિક નિષેધો હતાં. જેમ કે તેઓ રેશમી કે એવાં કિંમતી કપડા પહેરી શકતા નહિ, લગ્ન વૈદિક વિધિ મુજબ કરી શકતા નહી, લગ્ન સમયે ઘોડા પર બેસી શકતા નહિ, લગ્ન સમયે ઢોલ-ત્રાંસા વગાડી શકતા નહી, પાકા મકાનો બાંધી શકતા નહી અને આ ઉપરાંત સવર્ણોના સ્મશાનમાં મૃતદેહો બાળી ન શકે, લગ્નમાં મોટા માંડવા બાંધી ન શકે, વરઘોડો કાઢી ન શકે, અરે ઉચ્ચ વર્ગના લોકો બેઠા હોય એમની હાજરીમાં ત્યાં બેસી ન શકે એવાં અનેક બંધનો હતાં.[૧૧]

અસ્પૃશ્યનો દરજ્જો અંત્યજોએ સ્વભાવિક ગણીને સ્વીકારેલો હતો. કોઇ રસ્તામાં સામે મળે તો પોતે જ કહેતા ‘છેટા રહેજો’ નાનું બાળક કાંઇક ખાવાનું આપવા જાય તો

'ઊંચેથી નાખજો ભાઇ અડકી ન જવાય' એવી સૂચના તેઓ સામેથી આપતા. 'શું કરીએ એવા વરણમાં જન્મ્યા તે ! પૂર્વ જન્મના અમારા કરમ'-જેવી લાગણી તેવો ધરાવતા. તેમાંથી પોતાનો કોઇ ઉગારો નથી એવી હતાશા અને દૈન્યગ્રંથીને કારણે ક્યારેય પોતાનું જીવન સુધારવાનો તેમણે પ્રયત્ન કર્યો ન હતો. 'ગરીબને કાંઇ આપજો મા-બાપ' એમ કહી વધેલું-છાંડેલું મેળવીને, ફાટ્યું તૂટ્યું માંગેલુ પહેરીને જીવન ગુજારતા. તેમને અડેલી વ્યક્તિને બીજી કોઇ વ્યક્તિ અડે તો તે પણ અપવિત્ર બને છે અને બંનેએ સ્નાન કરવું પડે છે,વસ્ત્રો સાથેના સ્નાન દ્વારા તેમની શુધ્ધિ થાય છે. જો નહાવાની સવલત ન હોય તો સોનાની છાંટ (સોનાનો સ્પર્શ કરેલા પાણીની છાંટ) લેવી પડે છે. કેટલાંક ધર્મશાસ્ત્રો તો કહે છે કે, અસ્પૃશ્યો જો ઘરમાં પ્રવેશ કરે તો આખુ ઘર તેના રાચરચીલા સહિત ધોવું પડે, જયારે કેટલાક તેને પવિત્ર કરવા ગૌમૂત્રનો કે ગાયના પવિત્ર છાણનો ઉપયોગ કરવાનું કહે છે.[૧૨] એટલું જ નહિ તેના પડછાયાથી પણ અભડાઇ જતા. તેમને ગામના કૂવામાંથી પાણી ભરવા દેવામાં આવતું નહોતું. હવાડામાંથી પશુ પાણી પી શકે પણ દલિત નહી. શાળા, પુસ્તકાલય, દુકાન, કોર્ટ, પોસ્ટ ઓફિસ, હોસ્પિટલ વગેરે સાર્વજનિક સ્થળોએ પ્રવેશવા માટે પ્રતિબંધ હતો. દલિતો મુક્ત રીતે સાર્વજનિક વાહનોમાં મુસાફરી પણ કરી શકતા નહોતા કે મનપસંદ વ્યવસાય ધંધો પણ ન કરી શકતા. જે દલિતો પ્રસ્થાપિત સામાજિક વ્યવસ્થાક્રમને પલટવાનો પ્રયત્ન કરતા તેઓને સજા ફટકારવામાં આવતી. તેઓને પુરોહિત, દરજી, હજામ, ડોક્ટર વગેરે પાસેથી સેવા પણ મળી શકતી ન હતી. મિલકત ખરીદી શકતા નહિ. તેઓને પ્રતિષ્ઠા સૂચક નામ રાખવાનો અધિકાર નહોતો. દુકાને માલ ખરીદવા જાય તો દૂરથી જ તેમને માલ બતાવવામાં આવતો હતો. એટલું જ નહિ, ચાંડાલોને ગામ બહાર રહેવું પડતું ને ગામમાં આવતાં લાકડાનો કકડો ઠોકીને તેના અવાજથી પોતાના આવ્યાની જાણ લોકોને કરવી પડતી. એ સ્થિતિનું વર્ણન ચીની યાત્રી ફાહિયાને કરેલું છે.[૧૩] અસ્પૃશ્ય જ્ઞાતિઓને ગામની બહાર પૂર્વ દિશામાં વસવાટ કરાવાતો, એનું કારણ એ કે પવનની દિશા પૂર્વથી પશ્ચિમ તરફ ઓછી હોય છે.

૧૯માં સૈકામાં અસ્પૃશ્યોની દયનીય હાલત હદ વટાવી ચૂંકી હતી. તે કેટલાંક ઉદાહરણોથી જોઇશું.૧૭ જૂન, ૧૮૭૩ના રોજ અમદાવાદથી મુંબઇ જતી ગાડીમાં એક અંત્યજ બેઠો. તેથી મુસાફરોએ ડેવી નામના સ્ટેશન માસ્તરને તેને બીજા ડબ્બામાં ખસેડવા જણાવ્યું. તેથી ડેવીએ કહ્યું, તેણે પણ તમારી જેમ જ ટિકિટ ખરીદી છે. તેથી તેને ખસેડી શકાય નહી, પરંતુ પોર્ટરોએ તેને ગુડ્ઝના ડબ્બામાં ખસેડ્યો. તેથી શાકભાજીવાળાઓએ શાકભાજી અભડાવવાની ફરીયાદ કરી. તે પછી છેવટે મૂંગા ઢોરના ડબ્બામાં ખસેડવામાં આવ્યો.[૧૪] બીજું ઉદાહરણ જોઇએ તો, ઇ.સ. ૧૮૦૧માં સિનોર પરગણું ગાયકવાડના તાબામાં હતું. ત્યાનાં કમાવીસદાર મૈરલ નારાયણે જયારે ગોદડા તથા તકિયા ઉપાડવા માટે ભંગીઓનો ઉપયોગ કર્યો ત્યારે ૨૬-૧૨-૧૮૦૧ના રોજ વડોદરાથી ઉપરી અમલદારોનો હુકમ છૂટ્યો કે ગાદી તકિયાનો ઉપયોગ ઊંચા વર્ગના અમલદાર કરતા હોઇ તેઓ ભંગીનો સ્પર્શ પામેલા ગાદી તકિયાથી અભડાશે. તેથી મૈરલ નારાયણે આવી ભૂલ કદી ન કરવી. વધુમાં ઉપલા અધિકારીએ ઠપકો આપતા ઉમેર્યું કે, ગોદડા અને તકિયા ઉપાડવામાં હિંદુ ધર્મ કયાં રહ્યો ?[૧૫] સુમંત મહેતા તેમની આત્મકથામાં લખે છે કે, અમારા દવાખાનામાં એવી પ્રથા હતી કે અંત્યજો ઓટલાની નીચે ઊભા રહે, તેનો કેસ પોલીસ અથવા કોઇ દયાળું દર્દી અમારી પાસે લાવે.અમે તેને હકીકત પૂછીએ કે શું થયું છે અને તેના વર્ણન પરથી દવા લખી આપીએ. તેની અને અમારી વચ્ચે વીસેક ફૂટનું અંતર રહેતું. ઇંગ્લેન્ડથી આવેલા માણસને માટે આ વ્યવસ્થા અસહ્ય હતી. મારી સાથેના બંને દાક્તરો પારસી હતા. તેમને મેં કહી દીધું કે હું તો આ લોકોને અંદર બોલાવીશ. એમણે કહ્યું કે બહુ ઝઘડો થશે, ત્યારે મેં બહાર ઓટલા પર જઇને તેમને તપાસવા માંડ્યા. આ જોઇને સવર્ણ હિંદુઓ ચિડાયા અને કેટલાંક ચાલ્યા ગયા પણ એક દક્ષિણી બ્રાહ્મણે રમખાણ મચાવ્યું, એને કોઇ ટેકો આપે એવું હતું નહિ. કારણ કે મહારાજાની રાજનીતિ આ બાબતમાં ઉદાર હતી. તે દિવસથી હું અંત્યજોનો સહાયક ગણાયો છું અને પ્રસંગોપાત મેં એ કોમને મદદ કરી છે. પાછળના વરસોમાં હું મહારાજાની સાથે ફરતો હતો, ત્યારે પ્રાંતોમાં ભરાતી મોટી સભાના શામિયાણામાં અંત્યજોને એક બાજુએ

છૂટી જમીન પર બેસાડતા. અમલદારોને ખાનગી સૂચના મળી હતી કે સભાજનોની વચ્ચે થઈને તેમને આવવાનું થાય.[૧૬] ઇતિહાસકાર મકરંદ મહેતા નોંધે છે કે, ૧૮માં સૈકાના ઉતરાર્ધમાં જેમ્સ ફોર્બ્સ નામના અંગ્રેજે ગુજરાતના અસ્પૃશ્યોની દુર્દશાનું વર્ણન કર્યું છે. તે જયારે ડભોઈમાં સનદી અધિકારી હતા ત્યારે હિરા ભાગોળનો દરવાજો અછૂતો માટે બંધ હતો. તેમને ગામમાં પ્રવેશવા દેવા માટે પશ્ચિમનો દરવાજો મુકરર રાખવામાં આવ્યો હતો. સિનોરમાં પણ આવી જ વ્યવસ્થા હતી. ફોર્બ્સે અછૂતોની (એના શબ્દોમાં ચાંડાળોની) દયાજનક સ્થિતિ સુધારવા માટે ડભોઈની પંચાયત બોલાવી પણ તેનો હેતુ સિધ્ધ કરવામાં નિષ્ફળ નીવડ્યો. ખેડા જિલ્લામાં અસ્પૃશ્યોની પાછળ કાંટા ઝાખરાનો સાવરણો બાંધીને ફરવું પડતું તેથી તેમના જે પગલા પડે તે સાવરણાથી ભૂંસાઈ જાય અને બીજાઓના જવા આવવાનો માર્ગ શુધ્ધ બની રહે.[૧૭] સમાજના રૂઢિની જડ એટલી મજબૂત હતી કે રાજયમાં અસ્પૃશ્યતાને માન્યતા મળી ગઈ હતી. કચ્છમાં રેલગાડીની શરૂઆત થઈ તો સૌથી છેલ્લો ડબ્બો 'ઢેડના ડબ્બા' તરીકે જ ઓળખાતો. અહીં બીજુ ઉદાહરણ નોંધવા જેવું છે કે, આ સમયે કચ્છમાં એક કાળો કાયદો અમલમાં હતો, જેને 'ભૂંડી-ભૂંછી' કહેતા. એમાં હરિજનોનો ન્યાય અદાલતમાં થતો નહી. અંત્યજોનો ન્યાય કરવા માટે ઠેકેદારો ઈજારદારો રહેતા. કોન્ટ્રાક્ટરો એમની કમાણી વધારવા મારી મચેડીને સામાન્ય બાબતને ગંભીર ગુનાઓ ગણતા. આવા ઠેકેદારો કોટવાળના હાથ નીચે કામ કરતા. અંત્યજોની અપીલ કોટવાળથી આગળ ચાલતી જ નહી.[૧૮] મકરંદ મહેતા અસ્પૃશ્યોની દયનીય સ્થિતિનું સચોટ વર્ણન કરતાં લખે છે કે ભંગીઓ તેમના હલકા દરજ્જાને કારણે ઉત્પાદક પ્રવૃતિઓથી વંચિત રહ્યા. કેમ કે તેમના વ્યવસાયોમાં કારીગરીના તત્ત્વોનો અભાવ હોઈ, તેઓ સતત આર્થિક અસહાયતાને લીધે સામાજિક અધોગતિને માર્ગે ધકેલાતા ગયા. ભંગીઓના મુખ્ય વ્યવસાયો પરથી એટલું તો નિશ્ચિત જણાય છે કે તેમને માટે આર્થિક ઉન્નતિની શક્યતાઓ ઊભી કરાવવાના સાધનો-ઉત્પાદનના ઓજારો-લગભગ નહીવત હતા. ઘણાખરા ભંગીઓ ઝાડુ વાળતા અને મેલુ ઉપાડતા. તેઓ ચોકીદાર તરીકે, લગ્નમાં ઢોલ નગારા વગાડનારા તરીકે, મરેલા કૂતરા-બિલાડા ઉપાડનારા

તરીકે, ભોમીયા તરીકે, જમીનનું ક્ષેત્રફળ બનાવનાર તરીકે, સંદેશાવાહક તરીકે અને ફાંસી આપનાર જાલીમ તરીકે કામ કરતા. આ ઉપરાંત તેઓ ગ્રહણ વખતે 'ગ્રહણદાન' 'વસ્ત્રદાન' અને 'રૂપાદાન' ની ટહેલ નાખતા. ગ્રહણને દિવસે તે ઠીક પ્રમાણમાં ભીખ માંગી લેતા. હિંદુ માન્યતા મુજબ સૂર્યચંદ્રનું ગ્રહણ કરનાર રાહુ ભંગીનો અવતાર ગણાતો હોઈ ગ્રહણને દિવસે રાહુ ને રીઝવવા, ભંગીને દાન કરવામાં આવતું.[૧૯] તેઓ આગળ નોંધે છે કે, અમદાવાદ જેવા શહેરમાં લગ્નપ્રસંગે ન્યાતોમાં જમણવાર થાય ત્યારે શેરીઓમાં ઠલવાયેલ એઠવાડ ઉચકવાનો વિશિષ્ટ અધિકાર (અસ્પૃશ્યો) ઢેડાઓને હતો. ભાત પીરસાય કે તરત જ ઢેડાઓ પતરાળા-પડીયા ઝુંટવવા તીડની જેમ ધસી જતા અને તેમની સાથે રાવળિયા અને વાઘરી પણ જોડાઇ જતા. આવી લૂંટમાં ભાગ લેવાનો ભંગીને અધિકાર ન હતો. તેઓ રોજનો એઠવાડ માંગી ખાતા. ઇ.સ. ૧૮૮૧ની વસ્તીગણતરી ના અહેવાલ મુજબ ઘણા નિઃસહાય ભંગીઓ સાધુ ફકીર તરીકે રઝળતા.[૨૦] ઇ.સ. ૧૮૮૯માં રણછોડલાલ છોટાલાલે સ્થાપેલી વિકટોરીયા જયુબીલી હોસ્પિટલ સ્ત્રી-દર્દી માટે સુપ્રસિધ્ધ હતી. રણછોડલાલ હોસ્પિટલના વડા તબિબ તરીકે મોટીબાઇ કાપડીયા(૧૮૬૭-૧૯૩૦) નામના મુંબઇ અને આયર્લેન્ડની ઉપાધિઓ ધરાવનાર પારસી સ્ત્રી ડોક્ટરને નીમ્યા હતા. નગરજીવનની ઝીણામાં ઝીણી પ્રવૃતિઓમાં મન પરોવનાર રણછોડલાલ રોજ હોસ્પિટલની મુલાકાત લેતા.એક દિવસ જયારે તે હોસ્પિટલમાં ગયા ત્યારે તેમણે તમામ વોર્ડ ખાલી જોયા. રણછોડલાલે જયારે મોટીબાઇ કાપડીયા પાસે ખુલાસો માંગ્યો ત્યારે ડોક્ટરે જણાવ્યું, ગઇકાલે એક ભંગી સ્ત્રી સુવાવડ માટે આપણી હોસ્પિટલમાં આવી તેથી સઘળા દર્દીઓ હોસ્પિટલ છોડીને ચાલ્યા ગયા છે. સવર્ણ સમાજ દ્વારા અસ્પૃશ્યોનો બહિષ્કાર માત્ર ધર્મ, કેળવણી અને રેલ્વે જેવી સંસ્થાઓ પૂરતો જ મર્યાદિત ન હતો. દવાખાના અને હોસ્પિટલના બારણા પણ તેમને માટે બંધ હતા.[૨૧] નવાઇની વાત એ છે કે, જે ઉચ્ચ જ્ઞાતિઓના મહોલ્લામાં કાગડા-કૂતરા-બિલાડી, ઢોર, પશુ-પંખી રહી શકતા હતા, એ લત્તામાં અસ્પૃશ્યો રહી શકતા ન હતા. આખા ગુજરાતમાં અસ્પૃશ્યોને ખૂબ જ ત્રાસ હતો. દલિતોને સવર્ણોની આકરી વેઠ કરવી પડતી.તેમના ખેતરોમાં પશુઓની જેમ વૈતરું

કરીને પેટ ભરવાનું હતું. શિક્ષણનું તો નામો-નિશાન નહોતું. અંગ્રેજોએ શિક્ષણ આપવાની માંડ શરૂઆત કરી તો ચારેબાજુ વિરોધ ઊભો થયો હતો.

આવી સ્થિતિમાં હરિજનો કયાંય માથુ ઊંચકે તો સવર્ણો એના ઉપર દમન ગુજારતા, કોઈવાર વધારે પડતા મારને કારણે હરિજનોનાં મૃત્યુ થતાં. એમા મોટાભાગની તો દાદ-ફરીયાદ સંભળાતી નહી. જો કોઈ હરિજન સેવક એમની મદદે જાય તો એની પણ ખરાબ હાલત થતી. સવર્ણો આવા હરિજન સેવકોનો સામાજિક બહિષ્કાર કરતા અને બીજી અનેક રીતે તેમને હેરાન કરતા. જેમ કે, તા. ૦૬-૦૨-૧૯૩૧ના રોજ સાબરકાંઠાના ઓંઢા ગામે ઢોરના પાણી પીવાના હવાડામાંથી કૂતરાની લાળ અને ઢોરના છાણથી મલિન થયેલું કીડાથી ખદબદતું પાણી પીવા માટે બે ભંગીબાઈઓ વલખા મારતી હતી. તે જોઈને દયાદ્ર બનેલા ગાંધી મંદિરના કાર્યકર ભોગીલાલ ગાંધીએ ઊંચેથી તેમને પાણી રેડી આપ્યું. પરિણામે આખું ઓંઢા ગામ ખળભળી ઊઠયું. અંત્યજોને ધમકી આપવામાં આવી, ગાંધી મંદિરનું મકાન ખાલી કરવાની પણ ધમકી મળી. આ સમયગાળામાં મંદિરમાં પ્રવેશબંધી, સાર્વજનિક સ્થળોએ પ્રવેશબંધી, રેલ્વે-મોટર વગેરે વાહનોમાં બેસવાની મનાઈ સામાન્ય બાબત ગણાતી. સારા તાંબા-પિતળના વાસણો પણ દલિતોને વાપરવાની મનાઈ હતી. તેઓને સારા કપડા પહેરીને બહાર નીકળવાની મનાઈ હતી. ૨૦મી સદીના ત્રીજા દાયકામાં કલોલ-ડાંગરવા વચ્ચે દોડતી વધારાની ગાડીમાં દલિતોને છેલ્લા ડબ્બે જ બેસવા ફરજ પાડવામાં આવતી. અન્ય ડબ્બાઓમાં સવર્ણો સાથે બેસવા દેવામાં આવતા નહી. તે બાબતે ઉત્તર ગુજરાત વણકર સમાજ દ્વારા ડિસ્ટ્રીકટ ટ્રાફિક સુપ્રિટેન્ડેન્ટ તથા ટ્રાફિક ઈન્સપેક્ટર સમક્ષ લેખીત રજૂઆત કરવામાં આવી હતી. સેરિસા (તા. કલોલ) માં છત્રી ઓઢી ચાલનાર ચમાર યુવકને ઠાકરડા કોમ દ્વારા માર મારવાનો કિસ્સો પણ નોંધવામાં આવ્યો છે. તેજ રીતે ઉજળા કપડા પહેરીને સાલડી (તા. કડી) જતા વણકરોને ગરાસિયા કોમના લોકોએ માર માર્યાનો કિસ્સો પણ હતો. કડીના વણકરે હવા ઉજાસવાળું મકાન બનાવતા પાડોશમાં રહેતા રાવળિયા કોમના લોકોથી સહન ન થતાં બારીનું ચણતર કામ રોકવું પડ્યું હતુ. વધુ એક ઉદાહરણ જોઈએ તો,

સુજાતપુરા(તા. કડી) ના પાટીદારો વણકરો પાસે સખત વેઠ કરાવતા અને વેઠ ન કરે તો અસહ્ય ત્રાસ અપાતો. જેમાં મુખી તથા તાલુકેદારની આગેવાની રહેતી હતી. તેવી જ રીતે કમાણાર (તા. વિસનગર) ના ચમારો પાસે પણ ફરજિયાત વેઠ કરાવાતી અને માર મરાતો. સેઢાવીમાં તો હોળીના દિવસે ચમારને લાકડાનું આડુ જમીન પર પછાડી ભાંગવું પડતું અને અશક્તિને કારણે આડુ ન ભાંગે તો ગામ લોકો મારવા માંડે. અમદાવાદની હદના હાથીજણમાં દલિતવર્ગના લોકો એક છેડે ધોતી પહેરે તો ઠાકરડા માર મારે કે 'સાલા ઢેડ ઠાકોર થઇ ગયા છે.' જેથી દલિતોને 'હેજીયુ' (નાનકડી ધોતી) પહેરવી પડતી, જેનાથી ઢીંચણ ઉઘાડા રહેતા.[૨૨] આવા અસંખ્ય કિસ્સાઓ દલિત સમાજ વિશે આપવામાં આવ્યા છે. જે દલિતોની એ સમયની હીન પ્રકારની માનવીય ગૌરવ સ્થિતિનો ખ્યાલ આપે છે. ડૉ. અરુણ વાઘેલા નોંધે છે કે, કોઇ એક માણસે તેનું નામ આપવાને બદલે 'ડી' નામથી લેખ લખીને દલિતોને શિક્ષણ આપવું જોઈએ તેવો અભિપ્રાય દર્શાવ્યો પણ તેણે બહુજન સમાજના અભિગમને વાચા આપતા લખ્યું છે કે તેઓ એમ માને છે કે, તમારે આ ઢેડા ભંગીઓની ઉન્નતિ કરીને એમને ક્યા લઇ જવા છે ? અથવા તો શું એમને કલેક્ટર કે મામલતદાર બનાવવા છે ?[૨૩] બીજો એક કિસ્સો નોંધવા જેવો છે કે, રાજકોટના ભૂરા નામના એક ભંગીએ પોતાના દિકરાનો વરઘોડો શહેરમાં ફેરવવાની પરવાનગી મેળવેલી પણ વેપારીઓના મહાજને તે સામે વાંધો લીધાથી ગામ બહાર ફુલેકું ફેરવવામાં આવ્યું. તેને માટે મીઠાઇ બનાવવા જનાર કંદોઇને તેના મહાજને નાત બહાર કર્યો છે.[૨૪]

સયાજીરાવ ગાયકવાડ તેમના શાસનકાળમાં અંત્યજોદ્ધાર માટે હંમેશા જાગૃત રહેતા હતા, તેમની અંત્યજોદ્ધારની પ્રવૃતિ જોઇએ તો, સયાજીરાવ ગાયકવાડે વડોદરાની મેલ ટ્રેનિંગ કૉલેજમાં અંત્યજ વિદ્યાર્થીઓને દાખલ કરવાની પરવાનગી આપતા કૉલેજના સઘળા હિંદુ વિદ્યાર્થીઓએ હડતાલ પાડી હતી. તો ફેબ્રુઆરી ૧૯૧૦માં અમદાવાદમાં એક વ્યાખ્યાનમાં સદ્ગુરૂ શંકરાચાર્યે કહ્યુ કે, હજારો ગાયોના ટોળામાં એક ઘોડો જેમ માલૂમ પડી આવે છે, તેમ બીજા વર્ણોમાંથી બ્રાહ્મણ પોતાની વિદ્યા અને ગુણકર્મથી ઓળખાઇ આવે છે. જેમ આ

સૃષ્ટિમાનાં જંગલોમાં અનેક ઝાડો અને પ્રાણીઓ પોત-પોતાના ગુણધર્મથી ઓળખાઇ જાય છે. સાકરનું ખાતર નાખવાથી લસણ સુગંધિત બનતું નથી.તેમ ઉતરતી વર્ણનો માણસ શ્રેષ્ઠ વર્ણમાં ખપી શકતો નથી. વર્ણવ્યવસ્થા નિકળી જવાથી પાપલીલા, હોટલગમન, ભક્ષાભક્ષ, ચા-બિસ્કીટ વગેરેનો પ્રચાર થશે. પ્રાચીન પ્રણાલિકાને વિસારે મૂકવાથી દેશનું સત્યાનાશ થશે.[૨૫]

ઉપરનાં દૃષ્ટાંતો દલિતોની તત્કાલિન કફોડી સ્થિતિની સાથે રૂઢિચુસ્ત હિંદુ સમાજ અને હિંદુ ધર્માચાર્યોની માનસિકતાનો પણ પરિચય આપે છે. આગળ જોઇ ગયા તેમ, અનેક અમાનવીય બંધનોથી અસ્પૃશ્યો બંધાયેલા હતા. આવા દુર્વ્યવહારોથી કંટાળેલો અંત્યજ એક ગીતમાં કહે છે કે,

મનખો ઢેડાનો અવતાર ! શેં દીધો રે રામ (૨)
એને પડછાયે દેહ અભડાય
મારા હૈયાની હાય સાંભળો રે
અંધારી રાત કાળી મેઘલી રે રામ
એથી ભૂંડો ઢેડાનો અવતાર - મારા....
મનખો આવો તે બાપ ! શેં દીધો રે રામ
એથી ભલ્લેરી જંતુજમાત - મારા....
સુખ દુઃખનું ભાન બાપ ! શેં દીધો રે રામ
એથી ભલ્લેરી પાણાની જાત....
મારા હૈયાની હાય કોઇ સાંભળો રે રામ,....મારા ....[૨૬]

દલિતોમાં પછાત ભંગીઓ માટે કહેવાતુ કે,

ભંગીના ઢગમાં રંગ હોયે નહી
કલમને ચલમ તુલ્ય હંમેશા તે માને

શરીરના જોરને જીભમાં લાવીને

લથડતો બેસે છકેલો લાખેણો

ભંગીકેરા કથનમાં, મુરખ રાખે આશ. [૨૭]

જો કે, અંત્યજોની મહાનતા દર્શાવતી દંતકથાઓ ઇતિહાસમાં આંગળીના વેઢે ગણી શકાય તેટલી મળે છે. આ સિવાય અંત્યજોનો ઇતિહાસ તપાસતા આપણને તેમના વિશે અનેક ઠેકાણે ઇતિહાસના એકય કાળ દરમિયાન સારી સ્થિતિમાં ન હતા એ જાણી શકાય છે. એક નોંધવા જેવો દાખલો છે, જે આઠસો વર્ષ પહેલાની એક લોક કથા છે. સોલંકી રાજા સિધ્ધરાજ જયસિંહ (૧૦૯૪-૧૧૪૩) જયારે સહસ્ત્રલિંગ તળાવનું સમારકામ કરાવતો હતો ત્યારે તેમાં પાણી ટકી શક્તું ન હોવાથી સિધ્ધરાજે દૈવી શક્તિને રીઝવવા માનવભોગ ધરાવવાનો નિર્ણય લીધો. આ કામ માટે માયા નામનો એક ઢેડ તૈયાર થયો પણ તેના બલિદાનના બદલામાં રાજા પાસેથી એવુ વચન લીધું કે ઢેડ લોકોને ગામની બહાર જ રહેવાની ફરજ પાડવામાં ન આવતા  તેમને ગામની અંદર વસવાટ કરવા દેવામાં આવે. માયાએ એવી પણ એક શરત મૂકી કે ઢેડાને ઓળખના ખાસ ચિન્હો ધારણ કરવાની ફરજ પાડવામાં ન આવે.[૨૮] વડોદરા રાજયમાં તો જાણે સિદ્ધરાજ જયસિંહની લોક કથાને સત્ય સાબિત કરતો હોય તેવો પ્રસંગ પૂના જિલ્લામાં આવેલા ખેડા તાલુકાના દાવડી ગામમાં બન્યો. વડોદરાના સયાજીરાવ ગાયકવાડે  દાવડી ઉપર હકૂમત પ્રાપ્ત કર્યા બાદ ત્યાં એક કિલ્લો ચણાવવો શરૂ કર્યો પણ કિલ્લાની અંદર ઇંટો અવારનવાર પડી જતી હોઇ ગાયકવાડે દૈવી શક્તિને રીઝવવા કાળુ માંગ (ભંગી) અને તેની પત્ની ગાંગોઇને રાજય પ્રત્યેની ફરજ અદા કરવાને સમજાવ્યા. બંનેએ તેમના બલીદાન આપ્યા પણ તે પહેલા તેમણે રાજય પાસેથી કેટલાક વંશપરંપરાગત વિશેષાધિકારો પ્રાપ્ત કરી લીધા, જેમ કે ,

૧. અમારા કુટુંબમાં જયારે-જયારે લગ્નપ્રસંગ આવે ત્યારે વરરાજાને ઘોડા ઉપર બેસવા દેવાની છૂટ આપવામાં આવે.

૨. મહાર લોકો (ઢેડ)અત્યાર સુધી ઢોલ બનાવવાનો ઈજારો ધરાવતા આવ્યા છે. માંગોને પણ ઢોલનું ઉત્પાદન કરવા દેવાનો અધિકાર મળે.

૩. મારી માતા (કોલેરાની દેવી) ને ધરાવેલો પ્રસાદ માંગ લોકોને પણ મળે.

૪. માંગ લોકો પોતાની જ માલિકીના ઢોર મરી જાય છતાં પણ તેનાં ચામડાનો ઉપયોગ કરી શક્તા નહી. તેમને આ પ્રકારના ચામડાનો ઉપયોગ કરવા દેવામાં આવે છે.

૫. કાળુ અને તેની પત્નિના પાળિયા ઉપર જયારે જયારે વાર તહેવારે નૈવેધ ચડાવે ત્યારે તેનો ઉપયોગ માંગ લોકો પણ કરી શકે. કાળુ અને ગાંગોઇ વગર મોતના મરી ગયા તેમને મારી નાખવામાં આવ્યા.[૨૯]

કાકાસાહેબ કાલેલકર તેમના પુસ્તકમાં નોંધે છે કે, અંત્યજોની વાત સાંભળી છે ? અંત્યજોના છાપરા બળી ગયા ત્યારે મદદે કોઇ ન ગયું પણ ઉજળિયાત કોમના ઘર બળવા લાગ્યા ત્યારે અંત્યજો ત્યાં ગયાને એમણે કહ્યું અમને અડવા દો તો અમે આગ હોલવવામાં મદદ કરીએ. પેલા કહે, હા હા હમણાં તો હોલવો, માલ બચાવો. પછી ધોઇ નાખીશું.[૩૦]

કાકાસાહેબ કાલેલકર અંત્યજોની દયનીય સ્થિતિનું વર્ણન કરતાં લખે છે કે, માત્ર એક જ વર્ણને આ સર્વ લાભોથી વંચિત રાખવામાં આવ્યો છે. ભાવનગરના અંત્યજો ભાવનગરમાં રહી શકતા નથી. જુના વખતમાં બધા અંત્યજો આ શહેરની ભાગોળે જ રહેતા કહેવાય છે કે દસ-પંદર વર્ષ ઉપર ભાવનગરમાં પ્લેગ ફાટી નીકળવાથી ત્યાંના ઢેડ-ચમારોને શહેર પાસેથી ખસેડીને માઇલ દૂર એક ટેકરીની પાછળ કાઢવામાં આવ્યા. અમારા શહેરમાં જયારે પહેલ-વહેલો પ્લેગે પ્રવેશ કર્યો ત્યારે એક બીકણ અને જીવલોભી મા-બાપ પેટના દિકરાને પ્લેગ થયેલો જોઇ શહેર બહાર મુકી આવ્યા હતા. આખા શહેરમા આને સારું તેમની નિંદા ચાલેલી. (त्यजेदेकं कुलस्यार्थे એ ન્યાય તે વખતે લોકોએ લાગુ ન કર્યો. ભાવનગરમાં અંત્યજો શુ ઈશ્વરના સંતાન ન હતા ? શું તે સમાજના એક અંગ ન હતા ! આજે જયાં તેમને રહેવું પડે છે ત્યાંની જમીનમાં ઉધઇ લૂણોનો પાર નથી. તેથી ત્યાં મકાનો ટકતા નથી. વળી શહેરથી એટલું દૂર હોવાને લીધે ત્યાં રહીને અંત્યજોના રોજગારને પણ ધક્કો લાગે જ એ દેખીતું છે.

ભાવનગર જઇ વેપારીને ત્યાંથી સૂતર લઇ પાછા આવતા જો વાર થાય તો લૂંટાઇ જવાનો ભય. દોઢસો ઘરની વસ્તીમાં પોલીસનો એક સિપાઇ રાખવામાં આવેલ છે. કોઇ માદું પડે તો બે માઇલની અંદર કશી મદદ મળવાની આશા નહી. અંત્યજો માટે બજારની સગવડ પણ ક્યાંથી હોય ? મીઠું મરચું કે દીવાસળી જેવી ચીજોને સારું પણ બે માઇલનો ધક્કો ખાવો જ પડે. આવી દશામાં પણ અંત્યજોએ ગામ છોડ્યું ? કેટલાંક મરી ફીટ્યા ને આજે ભાવનગરનો ઢેડવાડો એક ખંડેર થઇ ગયેલ છે અને તે પ્રાચીન વૈભવનું ખંડેર નહી પણ વર્તમાન દારિદ્રયના ખંડેરરૂપ છે દોઢસો ઘરમાં એકે ઘરની દીવાલ સબૂત નથી.[૩૧] કાકાસાહેબ કાલેલકર અંત્યજોની દયનીય સ્થિતિનું વધું એક ધારદાર ઉદાહરણ આપે છે કે, અંત્યજોની બાબતમાં કાઠિયાવાડ બહુ જ પછાત ગણાતું. રેલ્વેમાં અંત્યજોને માટે નોખા ડબ્બા રાખવાનો રિવાજ કાઠિયાવાડમાં છે. છતાં એ કાઠિયાવાડમાં પણ લોકમતમાં ખૂબ ફેરફાર થયો છે. દોઢ વર્ષ પર જયારે હું (કાકાસાહેબ) જુનાગઢ તરફ રેલ્વેમાં મુસાફરી કરતો હતો, ત્યારે એક બિચારો ઢેડ હાંફતો હાંફતો સ્ટેશન પર આવ્યો ને ગાડીમાં ચડવા આમ તેમ દોડવા લાગ્યો. કોઇ તેને ગાડીમાં ચડવા ન દે, ડબ્બામાં પેસવાના એના પ્રયત્નોને દુષ્ટતાની સીમા ગણી કેટલાક સજ્જનો પોતાને જેટલી ગાળો આવડતી હશે તે બધી જ મોપાટ લેવા લાગ્યા. મારાથી દૂર ન રહેવાયું. મેં મારું બારણું ખોલી તે ઢેડને અંદર લીધો અને તેને પાસે બેસવાનું કહ્યું. એ બાપડો તો ધ્રુજતો ધ્રુજતો પાસે ઉભો જ રહ્યો. બેસવાની તેની હિંમત ચાલે ? મેં જબરજસ્તીથી તેને પાસે બેસાડ્યો એટલે બધા મુસાફરોનો ગુસ્સો મારી તરફ વળ્યો. તેમાંયે જયારે તેમણે જાણ્યું કે હું બ્રાહ્મણ છું, ત્યારે તો તેમનો ક્રોધ ઉકળી ચાલ્યો. ગુજરાતી ગાળો ખાવાનો એ મારો પહેલો પ્રસંગ હતો. ગાળો સ્વાદિષ્ટ તો હતી જ નહી પણ મેં બધી મૂંગે મોઢે ખાઇ લીધી.[૩૨]

અંત્યજો માટે આટલું જ પુરતુ ન હતું, પરંતુ ખાસ કરીને અસ્પૃશ્યોમાં પણ આ ઊંચનીચનો ભેદભાવ વ્યાપક રીતે ફેલાયેલો છે. ઊંચી જાતિના અસ્પૃશ્યો નીચી જાતિના અસ્પૃશ્યોને અડવાની પણ ના પાડે છે, એટલું જ નહિ પરંતુ નીચી જાતિના અંત્યજોના બાળકો જે નિશાળમાં ભણતા હોય તે નિશાળમાં પોતાના બાળકો મોકલવાની પણ સાફ ના પાડે છે.

જ્યાં જ્યાં આ પરિસ્થિતિ પ્રવર્તતી હોય ત્યાં તેમની વચ્ચે રોટી-બેટી વ્યવહારની તો વાત જ ક્યાં રહી. વર્ણ ભેદનો જે ભયંકર અનર્થ થયો છે તેનો આ નમૂનો છે. ડૉ. અરુણ વાઘેલા પણ નોંધે છે તેમ, અંત્યજોમાં ભંગીઓની દશા ઘણી કફોડી હતી. કારણ કે તેઓ સવર્ણ હિંદુઓની અસ્પૃશ્યતા ઉપરાંત કોટીક્રમમાં પોતાની ઉપલી અંત્યજ જ્ઞાતિઓની આભડછેટના પણ ભોગ બનતા. આ આંતરિક અસ્પૃશ્યતા પણ એટલી જ મજબૂતાઈથી પળાતી. [૩૩]

➢ **અસ્પૃશ્યતાના લક્ષણો**

અસ્પૃશ્યતાનું હૃદયદ્રાવક સ્વરૂપ જોયાં પછી અસ્પૃશ્યતાના નીચે મુજબ લક્ષણો તારવી શકાય છે.

૧. અસ્પૃશ્યો જન્મથી અપવિત્ર છે. તેમનો સ્પર્શ થતા આભડછેટ ફેલાય છે. તેમના હાથનું અન્ન કે પાણી સ્વીકારી શકાતું નથી.
૨. તેઓને ગામ બહાર રહેવાની ફરજ પાડવામાં આવી છે.
૩. તેઓ પર સામાજિક બંધનો નાખવામા આવ્યા છે.
૪. તેઓને માટે મંદિર પ્રવેશનો પ્રતિબંધ છે.
૫. તેઓ શિક્ષણ લઇ શકતા નથી.
૬. અસ્પૃશ્યોને હલકા અને નિંદ્ય વ્યવસાયો કરવાની ફરજ પડે છે.
૭. તેમને અન્ય જ્ઞાતિઓ પોતાની સેવાઓ આપતી નથી.
૮. તેઓએ હિંદુ સમાજવ્યવસ્થા અપનાવી છે, તેથી તેઓમાં પણ જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓ અસ્તીત્વમાં છે અને તે નિશ્ચિત ઊંચનીચના ક્રમમાં ગોઠવાયેલી છે.
૯. અસ્પૃશ્યોમાં પણ અસ્પૃશ્યતા પ્રવર્તે છે.
૧૦. તેઓનું જ્ઞાતિ-સંગઠન સુવ્યવસ્થિત છે.જેનો વહીવટ જ્ઞાતિપંચ સંભાળે છે.

## ➢ ગાંધીજી દ્વારા રચનાત્મક પ્રવૃતિઓની શરૂઆત

ગાંધીજીનો કાર્યક્રમ એ ફક્ત પ્રવૃતિ ન હતી, તે એક પ્રયોગ શાળા હતી, જેમાં સ્વરાજ્ય, અસ્પૃશ્યતા નિવારણ, ગરીબી, બેકારી વગેરે માટેના ઠોસ અને નક્કર પરિણામો આવનાર દિવસોમાં સાબિત થવાના હતા. ફક્ત એ સમયે જ નહિ, સ્થળ કાળની મર્યાદા વટાવીને આ કાર્યક્રમ હવે આધુનિક માનવ સમાજની નવરચનાનો એક વૈજ્ઞાનિક કાર્યક્રમ છે. એ સહુને ધીરે ધીરે સમજાતું જાય છે.

સામાન્ય રીતે રચનાત્મક કાર્યક્રમનો અર્થ આપી શકાય કે, તે રાજ્યાધારિત કાર્યક્રમ નથી. તેનુ મૂળ લોકોમાં છે, લોકશક્તિમાં છે એટલે કે સમાજમાં છે.[૩૪] ગાંધીજીના મતે, રચનાત્મક સત્યાગ્રહ એટલે કે રચનાત્મક કાર્યક્રમ એ જ પાયાનો, પ્રથમ અને સનાતન કાર્યક્રમ બનવો જોઇએ. તે કેવળ સ્વરાજ મેળવવા માટે જ નહી પણ સ્વરાજને ટકાવી વ્યક્તિગત અને સામાજિક જીવનને કેવળ ભૌતિક અને આર્થિક રીતે જ નહી પણ નૈતિક અને આધ્યાત્મિક રીતે ઉન્નત કરવાની તે જીવન પધ્ધતિ છે.[૩૫] ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમની ખૂબી એ છે કે આ કાર્યક્રમ એકી સાથે વ્યક્તિગત અને સામાજિક બંને ક્ષેત્રોમાં અમલમાં આવી શકે એવો છે. સીધી રીતે કહીએ તો, આ પ્રક્રિયા વ્યક્તિગત રીતે જ શરૂ થાય છે.કોઇપણ વ્યક્તિએ આ કાર્યક્રમ અપનાવવા માટે કોઇ સંગઠનની રાહ જોવાની રહેતી નથી. કોઇ સંસ્થાના તંત્રની સૂચનાની રાહ જોવાની નથી. પોતાની મેળે જ દરેક વ્યક્તિ તેનો અમલ પોતાની જાતથી શરૂ કરી શકે એટલો સરળ અને સુંદર છે. ગાંધીજી વ્યવહારું સૂઝ-બૂઝ ધરાવતા મહાન માનવતાવાદી હતા. ગુજરાતમાં તેમના શરૂઆતના વ્યાખ્યાનો અને કાર્યો સ્પષ્ટ રીતે સૂચવતા હતા કે તેઓ સૌથી નીચલા થરના લોકોની સેવા કરવા માગતા હતા. આથી તેમણે પાશ્ચાત્ય ઢબના ઉદારમતવાદ પહેલાના રાષ્ટ્રવાદીઓના બૌધ્ધિક સાધનની ટીકા કરી અને જાહેર કર્યું કે હિંદના લોકોએ પશ્ચિમનું અનુકરણ કરવાને બદલે ખેડૂતો, હરિજનો, અનુસૂચિત જાતિના લોકો, ઔદ્યોગિક મજૂરો અને સ્ત્રીઓ જેવા પીડિત લોકોની સેવા કરવા માટે ભારતની ઉમદા પરંપરાનો અમલ કરવો જોઇએ.[૩૬] ગાંધીજી શરૂઆતથી જ રચનાત્મક

માર્ગે વળેલા હતા. તેમની કારકિર્દીની શરૂઆત જોઇએ તો, વીસ વર્ષના વકીલાતના જીવનમાં પૈસા કમાવવા  ખાતર ખોટો કેશ હાથમાં લઇને કાયદાને સહારે સાચાનું જૂઠું કરી અસીલને જિતાડવાની પ્રપંચ જાળમાં તેઓ કદી ન પડ્યા. કોઇ ગુનેગાર અસીલ ખોટી વિગત દર્શાવી એમને વકીલ તરીકે રોકે અને પાછળથી પણ ગાંધીજીને એની જાણ થાય તો તેઓ અધવચ એ કેશ છોડી દેતા અથવા અસીલને ગુનો કબુલ કરી લઇ જે સજા થાય તે ભોગવવાનું સમજાવતા.[૩૭] આમ પોતાના પ્રત્યક્ષ ઉદાહરણ દ્વારા ગાંધીજીએ વકીલાતને પણ રચનાત્મક માર્ગે વાળી વકીલાતનો આદર્શ પુરો પાડ્યો હતો. ગાંધીજી તેમના પુસ્તકમાં લખે છે કે, છેક આજની ઘડીએ હિંદુ ધર્મને વળગેલા અસ્પૃશ્યતારૂપી શાપને, કલંકને ધોઇ કાઢવાની જરૂરને વિશે લંબાણથી લખવાની જરૂર નથી. આ બાબતમાં મહાસભાવાદીઓએ ઘણુ કર્યું છે. એ વાત સાચી છે પણ મારે દિલગીરી સાથે કહેવું પડે છે કે ઘણા મહાસભાવાદીઓએ અસ્પૃશ્યતા નિવારણને હિંદુઓને લાગેવળગે છે તેટલા પ્રમાણમાં ખુદ ધર્મની હયાતીને માટે અનિવાર્ય ગણવાને બદલે કેવળ રાજકીય ગરજની એક બાબત ગણી છે. હિંદુ કોંગ્રેસીઓ આ કાર્ય કરવામાં પોતાની સાર્થકતા છે એમ માનીને તેને ઉપાડી લે તો સનાતનીઓને નામે ઓળખાતા તેમના ધર્મબાંધવો પર આજસુધી જેટલી અસર પડી છે તેના કરતા અનેકગણી વધારે અસર પહોંચાડીને તેમનું દિલ પલટાવી શક્યે. સનાતનીઓ પાસે તેમણે લડવાના જુસ્સામાં નહી પણ પોતાની અહિંસાને છાજે એવી મિત્રાચારીની લાગણીથી પહોંચવું જોઇએ અને ખુદ હરિજનોની બાબતમાં તો એકા એક હિંદુએ તેમના કાર્યને પોતાનું માનીને તેમને મદદગાર થવું જોઇએ અને તેમના અકળાવી મુકે તેવા ભયાનક અળગાપણામાં તેમની પડખે ઊભા રહેવું જોઇએ અને એ વાતનો તો કોઇ ઇન્કાર કરશે કે આપણા હરિજન ભાઇ-બહેનોને બાકીના હિંદુઓ પોતાનાથી બાદ રાખે છે ને પરિણામે તેમને જે બિહામણું ને રાક્ષસી અળગાપણું વેઠવું પડે છે, તેનો જોટો દુનિયામાં બીજે કયાંય શોધેલો જડે તેમ નથી. આ કામ કેટલું કપરું છે, તે હું અનુભવે જાણું છું પણ સ્વરાજની ઇમારત ઊભી કરવાનું જે કાર્ય આપણે લઇ બેઠા છીએ તેનો જ આ એક ભાગ છે અને અલબત એ સ્વરાજ સુધી પહોંચવાનો રસ્તો

સીધા ચઢાણનો સાંકડો છે. એ રસ્તે કેટલાય લપસણા ચઢાણ ને એ બધા ચઢાણોને એ બધી ખાઇઓને જરાયે ડગ્યા વિના સ્થિર પગલું રાખીને આપણે વટાવવી જોઇએ.[૩૮] ગાંધીજી લખે છે કે, અંતરથી ને ઉલટથી કામ કરનારા કાર્યકર્તાઓનો એક સમૂહ જો દૃઢ સંકલ્પ કરીને એ કાર્યક્રમના અમલમાં લાગી જાય તો જણાશે કે આ બીજા કોઇ પણ કાર્યક્રમના જેવો જ અને ઘણાખરાના કરતા તો વધારે વહેવારું છે. એ ગમે તે હો, સ્વરાજની લડતનો કાર્યક્રમ આપણે અહિંસાના પાયા પર ઘડવો હોય તો રાષ્ટ્રની આગળ આની અવેજીમાં મૂકવાનો બીજો કાર્યક્રમ મારી પાસે નથી.[૩૯]

આગળ જોઇ ગયા તેમ ગાંધીજી હિંદ આવ્યા, દેશની પરિસ્થિતિનું અવલોકન કર્યું અને દેશ સમક્ષ ખાદી, અસ્પૃશ્યતા નિવારણ, કોમી એકતા અને દારૂબંધીનો ચતુર્વિધ રચનાત્મક કાર્યક્રમ મૂક્યો. દેશભરમાં સૂતરને તાતણે સ્વરાજનો નાદ ગૂંજતો કર્યો. કાર્યકરોને એમણે રેંટિયો લઇ ગામડામાં જવા, ગામલોકો સાથે એકરૂપ થવા, અસ્પૃશ્યો સાથે મૈત્રી કેળવવા અને કોમી એકતાને નક્કર હકીકત બનાવવાનો તથા પોતાના અને લોકોના ગજા પ્રમાણે રચનાત્મક કામો હાથ ધરવાનો અનુરોધ કર્યો. સમય અને સંજોગ અનુસાર નવાં નવાં રચનાત્મક કામો ઉમેરાતા ગયા. એ રીતે એમણે અઢારવિધ રચનાત્મક કામો દેશ સમક્ષ મૂક્યા. કાર્યકરોએ પોતપોતાની અભિરૂચી પ્રમાણે તે સ્વીકાર્યા અને સેવાકાર્યમાં લાગ્યા. તેમના અઢારવિધ કાર્યક્રમોમાં,

૧. કોમી એકતા
૨. અસ્પૃશ્તા નિવારણ
૩. દારૂબંધી
૪. ખાદી
૫. ગ્રામોદ્યોગ
૬. ગ્રામ સફાઇ
૭. નવી તાલીમ અથવા પાયાની કેળવણી

૮. પ્રૌઢ શિક્ષણ

૯. સ્ત્રી – ઉન્નતિ

૧૦. તંદુરસ્તીના નિયમોની જાળવણી

૧૧. પ્રાંતિય ભાષાઓનો વિકાસ

૧૨. રાષ્ટ્રિય ભાષાનો વિકાસ

૧૩. આર્થિક સમાનતા

૧૪. કિસાનો અથવા ખેડૂતોનું સંગઠન

૧૫. મજૂર સંગઠન

૧૬. આદિવાસીઓનો ઉત્કર્ષ

૧૭. રક્તપિતના રોગીઓની સેવા

૧૮. વિદ્યાર્થી સંગઠન

ઉપર મુજબનો રચનાત્મક કાર્યક્રમ એક શૈક્ષણિક પ્રક્રિયા છે. એમાં સેવક અને સેવ્ય વચ્ચે આંતરબાહ્ય એકતા સધાય છે. જે વર્ગના ઉત્કર્ષ માટે રચનાત્મક કાર્યકરે કામ કરવાનું છે, તે વર્ગમાં ભળી જઇ એના જેવી સાદી જીવન પધ્ધતિ અપનાવવાથી કાર્યનો પ્રારંભ થાય છે. એનાથી પરસ્પર વિશ્વાસ અને આત્મિયતા પેદા થાય છે અને જે પ્રજા વચ્ચે એ કામ કરે છે, તેની આત્મશક્તિ વિકસાવવામાં તે મદદરૂપ થાય છે. આવા રચનાત્મક કાર્યકર પાસેથી ગાંધીજીએ એમના જીવનના છેલ્લા દિવસોમાં એવી અપેક્ષા રાખી હતી કે તે સત્તાના રાજકારણથી સદાય દૂર રહે.[૪૦] રચનાત્મક પ્રવૃતિને વેગ આપવા ગાંધીજીના શરૂઆતના પ્રયત્નો ઘણા અસરકારક હતા. રચનાત્મક કાર્યોને વેગ આપવા, બારેક દિવસ કચ્છમાં ફર્યા અને ત્યાં ઘર કરી ગયેલી અસ્પૃશ્યતા નિવારણ માટે એમણે ભાષણો આપ્યા. પછી આશ્રમે આવ્યા, ત્યાં કોઇ વિદ્યાર્થી – વિદ્યાર્થીનીક્ષતિ અંગે એમના કાને વાત આવી એટલે મુખી તરીકે પોતાને જવાબદાર ગણી પ્રાયશ્ચિત માટે સાત દિવસના ઉપવાસ કર્યા હતા.[૪૧] હવે,

ગાંધીજીએ આશ્રમમાં રહી રચનાત્મક પ્રવૃતિઓ શરૂ કરી તેમની પાસે ફિનિક્સ અને ટોલ્સ્ટોય ફાર્મમાં પ્રારંભેલી સામુદાયિક આશ્રમ જીવનપધ્ધતિનો અનુભવ તો હતો જ. તે પછી થોડા જ વખતમાં ૨૨મી મે, ૧૯૧૫ને દિવસે એમણે અમદાવાદમાં સાબરમતી તીરે આશ્રમ સ્થાપ્યો. એનું ધ્યેય રાખ્યું જગતહિતની અવિરોધી એવી દેશ સેવા. વ્રતોના અનુશીલનથી પ્રાપ્ત થયેલી સંયમશક્તિનો મહિમા પણ એમને સમજાયો હતો. પાછળથી તેમણે આશ્રમ જીવનમાં એકાદશ વ્રતો દાખલ કર્યા હતાં.

૧. સત્ય
૨. અહિંસા
૩. બ્રહ્મચર્ય
૪. અસ્તેય
૫. અપરિગ્રહ
૬. અસ્વાદ
૭. અભય
૮. અસ્પૃશ્યતા નિવારણ
૯. જાત મહેનત
૧૦. સર્વધર્મ સમભાવ અને સ્વદેશી [૪૨]

ગાંધીજીએ આ સાથે અંગ્રેજી શીખી લેવા પણ જણાવ્યું. એમણે પોતે પણ એક હજામ, એક કારકુન અને એક દુકાનદારને એમને ઘરે જઇને ભણાવવા માંડ્યું. આમ, રચનાત્મક કાર્યનો આરંભ પ્રૌઢશિક્ષણથી કર્યો હતો.[૪૩]

પરંતુ ગાંધીજીની શરતોનું સંપૂર્ણ પાલન કરી શકે એવી તે સમયની પ્રજાની પરિસ્થિતિ ન હતી. સમગ્ર પ્રજા એનું પૂરું મહત્ત્વ સમજી શકે એમ પણ ન હતું. તેમ છતાં પ્રજામાં સમજુ લોકો જેટલા પ્રમાણમાં એની અગત્યતા સમજે તેટલા પ્રમાણમાં એના મીઠા ફળ પણ ચાખી શકે ખરા.રચનાત્મક કાર્યક્રમમાં સ્વરાજની ચાવી હતી અને સ્વરાજ મળે તે પછી તેમાંથી

અહિંસક લોકશાહી સર્જવાની શક્તિ પણ રહેલી છે તથા તે વ્યક્તિ અને સમાજનું સર્વાંગી, સ્વાવલંબી અને સુલભ સાધન છે. એમ ગાંધીજીએ માન્યું હતું અને તેમની આ માન્યતા ઘણી તર્કબધ્ધ પણ હતી. એમનું જીવન એ જ એનું ઉત્તમ દ્દષ્ટાંત હતું. એમનો આશ્રમ એ એનું પ્રત્યક્ષ સામાજિક દ્દષ્ટાંત હતું. ગાંધીજીએ રચનાત્મક કાર્યક્રમનો યથાશક્ય પૂરો અમલ કરવાનું કામ પ્રથમ પોતાના આશ્રમમાં જ હંમેશા કર્યું. તેમાંથી રચનાત્મક કાર્યો કરનારને તાલીમ મળતી, પ્રેરણા મળતી અને ભીડને સમયે સલાહ અને સહાય પણ અચૂક મળતાં જ. અસહકારના આંદોલન વખતે અને તે અરસામાં ગુજરાતમાં કેટલીક રચનાત્મક સંસ્થાઓ સત્યાગ્રહ આશ્રમની પ્રેરણાથી અસ્તિત્વમાં આવી.

ગાંધીજી નોંધે છે કે રચનાત્મક કાર્યક્રમને જે કામ સોંપવામાં આવ્યું છે તે તેને લીધે તેને જે અધિકાર મળ્યો છે તેનાથી તેનો અસાધારણ મોભો ને અમોઘ સત્તા મળી છે.[૪૪] ગુજરાતમાં રચનાત્મક કાર્યને ક્ષેત્રે સારું કામ થઇ શક્યું, કારણ કે તેને ગાંધીજીની પ્રેરણા અને છત્રછાયા મળી પણ સૌથી વધુ અગત્યની બાબત તો એ કે ગુજરાતમાં સેવકોના ફાલ ઉપરાછાપરી સારા ઊતરતા રહ્યા. ઇ.સ. ૧૯૨૦ની માફક ઇ.સ. ૧૯૩૦માં પણ નિષ્ઠાવાન સેવકો બહાર પડ્યા અને તેઓ જીવનભર આ ક્ષેત્રને વરી ચૂક્યા હતા. સત્યાગ્રહની લડત તો અન્યાયનો સામનો કરવા, ગેરરીતી દૂર કરવા કે એવા તીવ્ર પ્રસંગોએ જ કરવાની હોય છે અને તેથી તે સતત ચાલતા રહેતા રચનાત્મક સત્યાગ્રહની માત્ર સહાયક બની રહે છે. એવી સત્યાગ્રહી લડત સશસ્ત્ર ક્રાંતિનો ઉત્તમ અવેજ પણ છે, એમ ગાંધીજીનું માનવું હતું. એને માટેની કાયમની તૈયારી તો રચનાત્મક કાર્યક્રમના ભાવાત્મક સત્યાગ્રહ વડે જ થઇ શકે એમ તેમણે હંમેશા કહ્યું હતુ. આ દ્દષ્ટિએ રચનાત્મક કાર્યક્રમ સત્યાગ્રહી સંગ્રામનું મુખ્ય અંગ બની રહે છે. નોંધવા જેવી બાબત તો એ છે કે, આ કાર્યકરોએ આધુનિક ભારતના ઇતિહાસમાં કટોકટીભર્યા સમય દરમ્યાન ગાંધીજીને સાથ આપ્યો હતો. આ બધા રચનાત્મક કામોનો વ્યવસ્થિત અને પધ્ધતિસરના સંચાલન માટે ગાંધીજીએ સંઘો સ્થાપ્યા. ચરખા સંઘ, ગ્રામોદ્યોગ સંઘ, નઇ તાલીમ સંઘ, ગૌ સેવા સંઘ, હરિજન સેવા સંઘ, હિંદુસ્તાનની પ્રચાર સમિતી, મજૂર મહાજન

સંઘ વગેરે સંસ્થાઓ એના ઉદાહરણ છે.એ બધી સંસ્થાઓ ગાંધીજીના માર્ગદર્શન હેઠળ ચાલતા સંગઠનને એમણે અહિંસાની કસોટી ગણી છે. તેઓએ હરિજન સેવા મંડળ સંસ્થા મારફત દલિતો અને પીડિતોનું સંગઠન સાધ્યું. ખરેખર આ પ્રક્રિયા અજોડ કહી શકાય.

આ દૃષ્ટિને ધ્યાનમાં રાખવામાં આવે તો બીજી ગોળમેજી પરિષદ પછી સત્યાગ્રહની લડતનાં પુર ઓસરવા લાગ્યા ત્યારે ગાંધીજીએ કોંગ્રેસ અને પ્રજાને હરિજન પ્રવૃતિ તરફ અહિંસક ક્રાંતિની તેમની અગમ રીતે એકાએક વાળી હતી. તેનું રહસ્ય બરાબર સમજી શકાય છે. આ અંગેની પ્રથમ પુસ્તિકા તેમણે ઇ.સ.૧૯૪૧માં લખી પણ તેની પાછળ તેમનો વર્ષોનો અનુભવ અને નિચોડ રહેલાં હતા. રચનાત્મક કાર્યોની આ યાદી આખરી નથી એમ પણ તેમણે જણાવ્યું છે. એ પુસ્તિકામાં ગાંધીજીએ જણાવ્યું છે કે, સ્થળકાળ પ્રમાણે અને તેની જરૂરિયાત પ્રમાણે તેની સંખ્યા અને સ્વરૂપમાં જરૂરી ફેરફારનો અવકાશ રહેલો છે જ. એની પાછળનો મુખ્ય આશય એ છે કે રચનાત્મક કાર્યો વડે સમાજની શુધ્ધિ, વૃધ્ધિ, આબાદી અને સ્વાવલંબન સાધીને સમાજ માટે લાયક બની શકે અને તેના વડે જ તે આઝાદી માટે લાયક બની શકે અને સ્વરાજ પછી પણ તે સાચુ લોકરાજ સર્જી શકે.[૪૫] ગાંધીજીનો આ મહાન વિચાર સ્વરાજ પછી આટલા વર્ષો પછી પણ લોકોને માટે વિચારણીય તેમજ અમલીકરણને યોગ્ય છે.

ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમ સામે શરૂઆતથી જ ટીકા-ટિપ્પણી તો થતી આવતી હતી પણ એની વિરૂધ્ધમાં કરવામાં આવેલી એક પણ દલીલમાં કોઇ મૂળભૂત તથ્ય એમને નહોતું મળ્યું, એટલે જ જીવનના અંત સુધી તેઓ પૂરી શ્રધ્ધાથી રચનાત્મક કાર્યમાં મંડ્યા રહ્યા. આઝાદી પછી સરકારમાં ગયેલા ગાંધીજીના સાથીઓએ સરકારી રાહે એ દિશામાં બનતા પ્રયત્નો કર્યા.

જિરાલ્ડ હર્ડે કહ્યું છે કે, ગાંધીજીના પ્રયોગમાં આખા જગતને રસ છે ને તેનું મહત્ત્વ યુગો સુધી કાયમ રહેશે. તેનું કારણ એ છે કે એમણે એ વસ્તુનો પ્રયોગ સામુદાયિક અથવા રાષ્ટ્રિય પાયા પર કરવાનો પ્રયત્ન કર્યો છે.[૪૬] એ પ્રયોગની મુશ્કેલીઓ તો સ્પષ્ટ છે પણ

ગાંધીજીને વિશ્વાસ છે કે એ મુસીબતો પાર કરવી અશક્ય નથી. ટૂંકમાં પ્રવૃતિઓનો વ્યાપક દૃષ્ટિકોણ, ક્ષેત્રકાર્યની નવીન શૈલી, રાષ્ટ્રનિર્માણનો ખ્યાલ તથા સેવકોના ત્યાગ અને પુરૂષાર્થમાં ગાંધીવાદી રચનાત્મક પ્રવૃતિઓનું રહસ્ય રહેલું હતું. એમના રચનાત્મક કાર્યોથી સમાજ અને સંસ્કૃતિના વિવિધ અંગોમાં ચૈતન્યનું સ્ફૂરણ થયું એ શકવર્તી ઘટના છે. આમ તો એમની પ્રવૃતિનું ક્ષેત્ર આખો દેશ અને વિવિધ કાર્યક્રમો રહ્યા પણ દલિતોદ્ધારનો કાર્યક્રમ મોખરે રહ્યો હતો.

### ➢ અસ્પૃશ્યતા નિવારણ બાબતે ગાંધીજીના વિચારો

ગાંધીજી અસ્પૃશ્યતા નિવારણ વિશે લખે છે કે, હું નાનો બાળક હતો ત્યારથી મને આ સત્ય લાધ્યું હતું. અમે ભાઇઓ કોઇ અસ્પૃશ્યને અડી જઇએ તો અમારી વહાલી માં અમને સ્નાન કરાવતી ત્યારે હું હસતો.[૪૭] ગાંધીજી તેમની આત્મકથા સત્યના પ્રયોગોમાં લખે છે કે, અસ્પૃશ્યતા જો હિંદુ ધર્મનું અંગ હોય તો તે સડેલુ ને વધારાનું અંગ જણાયું.[૪૮] અસ્પૃશ્યતા નિવારણની પ્રવૃતિ ગાંધીજીને મન ધાર્મિક પ્રવૃતિ હતી. વિશ્વબંધુત્વની દિશામાં મોટા પગલા સમાન હતી, એટલે એ કાર્યમાં એમણે આખી દુનિયાની સહાય માંગી. માનવતા, પ્રેમ અને દયાની લાગણીની વિરોધી એવી આ અસ્પૃશ્યતાને નિર્મૂળ કરવાની ઉત્કટતા દર્શાવતા એમણે એક વખત કહેલું કે, મને મોક્ષ જ પ્રિય છે. મારો બધો પ્રયાસ આ જ જન્મારે મોક્ષ મેળવવાનો છે. છતા જો હું મારા મનોરથ આ જન્મે ન સાધી શકું ને આપણે અસ્પૃશ્યતાના પાપમાંથી હજુ મુક્ત ન થયા હોઇએ તો હું પ્રભુ પાસે બીજો જન્મ અંત્યજને ઘેર ઇચ્છુ કે જેથી હું તેમના દુ:ખોનો પૂરો અનુભવ લઉને તે ઓછી કરવા ભારે તપશ્ચર્યા કરું. હું માનું છું કે જે દયાધર્મ હું વૈષ્ણવ તરીકે શીખ્યો છું, જેનુ પાન મેં તુલસી રામાયણમાંથી કર્યું છે, તે મને એ જ પ્રાર્થના શીખવે છે. અંત્યજો ઉપર હિંદુ ધર્મને નામે થતો અત્યાચાર મને અસહ્ય છે. દરેક હિંદુને અસહ્ય હોવો જોઇએ.[૪૯] ગાંધીજીની કલ્પનાનો સમાજ તે સર્વોદય સાધવા મથતો સ્વનિર્ભર સમાજ. એનો પાયો આધ્યાત્મિક છે. ईशावास्यमिदं सर्वं यत्किच जगत्यां जगत् એની આદર્શ

છે. वसुदैव कुटुंबकम् સમી ભાવના છે. सब भूमि गोपाल की, सब संपत्ति रघुपति - એ સૂત્રને ચરિતાર્થ કરવા એ સમાજની પ્રત્યેક વ્યક્તિએ મહેનતને પોતાનું કર્તવ્ય માનવાનું છે અને તેનું ફળ સમાજને અર્પણ કરી ત્યાગીને ભોગવી જાણો, વાંછો મા ધન અન્યનું એ મર્યાદાનું પાલન કરી જીવનને સંયમ તરફ વાળવાનું છે. આમ વ્યક્તિ અને સમાજે પરસ્પર પૂરક બનવાનું છે. એ સત્તા અને અધિકારોની સ્પર્ધાવાળી રાજનીતિમાંથી સંયમ અને કર્તવ્યપાલનની લોકનીતિ તરફ દોરી જાય છે.[૫૦]

નવજીવન સામયિકમાં ગાંધીજીના વિચારોનું પ્રતિબિંબ પાડતા દત્તાત્રેય કાલેલકર લખે છે કે, આપણા સમાજમાં એવા બે અસ્પૃશ્ય વર્ગ જોવામાં આવે છે એક અંત્યજોનો અને બીજો અગ્રજનોનો. જેમ ઢેડો અસ્પૃશ્ય છે તેમજ શંકરાચાર્ય પણ અસ્પૃશ્ય છે. બંનેની પંગતે આપણે જમતા નથી. બંનેથી આપણે હાથ દૂર રહીએ છીએ. બંનેને વેદનો અધિકાર નથી અને તેથી બંનેને સમાજમાં સ્થાન નથી. સમાજમાં તેમની સ્થિતિ જોખમ ભરેલી છે. જો તેમને સમાજમાં લેવા હોય તો તેમની આ અસ્પૃશ્યતા પ્રથમ દૂર કરવી જોઈએ. અંત્યજોને અસ્પૃશ્ય તરીકે સમાજમાં રાખીશું તો દેશમાં સામાજિક ગંદકી વધશે. તે દૂર કરવાના બે જ ઉપાય છે. કાં તો તેમનો હિંદુ સમાજમાંથી નાશ કરવો અથવા તો તેમને અસ્પૃશ્ય માનવા. બ્રાહ્મણ સંસ્કૃતિના પ્રતિનિધિ શંકરાચાર્યોએ પણ માણસની પેઠે સમાજમાં વર્તવું, સમાજની સ્થિતિનો વિચાર કરવો અને ધર્મ ઉપદેશથી સમાજની સેવા કરવી અથવા તેમ ન કરવું હોય તો લોકોની સેવા, લોકોની પૂજા માત્ર સ્વિકારનાર જડ મૂંગી મૂર્તિ બની જવું.......

સમાજને પાંગળો ન બનાવવો હોય તો, શંકરાચાર્યોએ પોતાની અસ્પૃશ્યતા ત્યજી આજે સમાજમાં ભળવું જોઈએ અને અંત્યજો ઉપરની અસ્પૃશ્યતા ઉઠાવી લઈ તેમને પણ સમાજમાં ભળવા દેવા જોઈએ, તો જ ધાર્મિક અહંકાર નાશ પામે તો જ હિંદુ ધર્મની ઉપરની કાળી ટીલી ધોવાય. ધોળે દહાડે મશાલ સળગાવી ચાલ્યે શું વળવાનું હતું ?[૫૧]

નવજીવન સામયિકમાં અંત્યજો નામના લેખમાં ગાંધીજીએ પોતાના વિચારો રજૂ કર્યા છે કે, અસ્પૃશ્યતાને પાપ માનવું એ પશ્ચિમી વિચાર છે એમ કહેવું પાપને પુણ્ય માનવા

બરાબર છે. અખો ભગત કંઇ પશ્ચિમી કેળવણી નહોતા પામ્યા પણ તેણે જ ગાયું છે આભડછેટ અદકેરું અંગ છે. આપણા દોષો કાઢવાના પ્રયત્નોને ઈતર ધર્મના અંગ ગણી દોષોને સંઘરવા એ ધર્માંધપણું છે અને તેથી ધર્મની અવગતિ થાય છે.

અસ્પૃશ્યતામાં ધૃણા નથી એવી દલીલ કરવામાં આવી છે. એવી જ દલીલ અંગ્રેજો આપણે વિશે કરે છે. તેઓ આપણને અલગ ડબ્બામાં બેસાડે તે કેવળ આરોગ્યની સગવડ છે. તેમાં દોષ નથી રહેલો એવો તેઓનો દાવો છે. વૈષ્ણવોને મેં અંત્યજોને ગાળો દેતા, મારતા જોયા છે, કેમ કે તેઓ અજાણ્યે તેમને અડી ગયા. આવી વર્તણૂંકને ધર્મ ગણવો એ પાખંડ છે અથવા પાપ છે. બ્રાહ્મણ નિકળે ત્યારે અંત્યજોને દિવાલ તરફ મોં કરવા હુકમ કરવો એ ઉદ્ધતાઈ છે. અંત્યજોને એંઠવાડ આપવો, સડેલી વસ્તુઓ આપવી એ અધમતા છે. આ વર્તણૂંકનું મૂળ અસ્પૃશ્યતામાં છે.

અંત્યજ નાવાથી, સાફ કપડા પહેરવાથી શુધ્ધ નથી થતાં એ દલીલનો અર્થ જ હું નથી સમજતો. અંત્યજનું અંતઃકરણ મેલું છે ? શું જન્મથી જ અંત્યજ મનુષ્ય નથી ? શું અંત્યજ પશુ કરતાં પણ કનિષ્ટ છે ?

મેં અનેક અંત્યજોને સરળ ચિત્તના, પ્રામાણિક, જ્ઞાની અને ઈશ્વરના ભક્ત જોયાં છે. તેવાઓને સર્વ પ્રકારે હું વંદનીય ગણું છું.

અંત્યજ મેલા હોય, અંત્યજે મેલ ઉપાડ્યો હોય છતાં નાહ્યા ન હોય તેને અડકવું એ હું સમજી શકું છું પણ તેઓ ગમે તેટલા શુધ્ધ હોય છતાં તેમને ન જ અડકાય એ તો અધર્મની સીમા છે. ઘણા અંત્યજ નથી તેવોને બહુ મેલા મેં જોયા છે. ઘણા ખ્રિસ્તી મેલું ઉંચકે છે. દાક્તરોનો ધર્મ મેલ ધોવાનો છે. તે બધાને આપણે અડકવામાં પાપ નથી માનતા પણ જેઓ ડિગ્રી વિનાના આપણા અભણ દાક્તર છે. તેઓનો અનાદર કરી આપણે પાપમાં પડીએ છીએ ને વૈષ્ણવ ધર્મને એ લગાડીએ છીએ.

પણ અસ્પૃશ્યતા અને વર્ણાશ્રમ એ બંને શાસ્ત્ર વસંતરામજી તથા ગુજરાતના અધિપતિ એક જ વસ્તુ માનતા જણાય છે. મારી અલ્પમતિ પ્રમાણે વર્ણાશ્રમ એ ધર્મ છે. શાશ્વત છે,

વ્યાપક છે, કુદરતને અનુકૂળ છે અને વ્યવહાર વ્યવસ્થા છે, હિંદુ ધર્મનું એ એક શુધ્ધ બાહ્ય સ્વરૂપ છે.

અસ્પૃશ્યતા એ હિંદુ ધર્મનું દૂષણ છે, પડતી તે વખતે આપદ્ ધર્મ તરીકે તત્કાળને માટે દાખલ થયેલી એ એક વ્યવસ્થા હોવાની સંભવ છે. એ વ્યાપક છે. તેને શાસ્ત્રોમાં સ્થાન નથી. જે શ્લોકોને એના ટેકામાં ટોકવામાં આવે છે તે ક્ષેપક છે અથવા તો તેના અર્થ વિશે મતભેદ છે. વૈષ્ણવોએ અસ્પૃશ્યતાને ધર્મ રૂપે વર્ણવેલ નથી. અસ્પૃશ્યતાનો દહાડે દહાડે લોપ થતો જાય છે. રેલમાં, સરકારી નિશાળોમાં, તિર્થક્ષેત્રોમાં, અદાલતોમાં તેને સ્થાન નથી. મીલોના અને બીજા મોટા કારખાનાઓમાં અંત્યજોનો સંપૂર્ણ સ્પર્શ છે. આમ જે સ્પર્શ વૈષ્ણવો પાપ માનતા છતાં કરે છે. તેને વિચારપૂર્વક પુણ્ય માનતા ને તેઓ કરે એવી મારી પ્રાર્થના છે. ગીતાજી પણ એજ કહે છે. સમદર્શીને બ્રાહ્મણ, શ્વાન, અંત્યજ બધા સરખા છે. નરસૈયો ગાય છે કે વૈષ્ણવમાં સમદૃષ્ટિ હોવી જોઇએ. અંત્યજને સર્વથા અસ્પૃશ્ય ગણવા છતાં તેમના તરફ પોતે સમદર્શી રહી શકે છે. એવો દાવો વૈષ્ણવો નહિ કરી શકે.[૫૨]

છેક ૧૯૨૦માં ગાંધીજીએ મહાસભામાં અસ્પૃશ્યતા નિવારણનો ઠરાવ આણ્યો. તે વખતે ઘણા લોકો કહેવા લાગ્યા આ તો સમાજસુધારાની વાત છે, રાજદ્વારી માંચડા ઉપર એને શા માટે છેડો છો ? ધર્મપરાયણ ગાંધીજીએ તે વખતે જવાબ આપેલો કે, આવડો મોટો રાષ્ટ્રવ્યાપી અન્યાય સ્વરાજના રસ્તામાં શાપરૂપ નીવડવાનો છે. આપણે અન્યાય દૂર કરીએ તો સ્વરાજનો રસ્તો ચોખ્ખો થવાનો છે પણ આપણે સ્વરાજને લોભે ન્યાયનું પાલન નથી કરવાના પણ ધર્મપાલન અર્થે જ ઇશ્વર આગળ બની શકે તેટલા ચોખ્ખા થવા માટે જ આપણે અસ્પૃશ્યતા નિવારણ કરવું જોઇએ. તે દિવસથી આજ સુધી મહાસભાના સભ્યોએ અસ્પૃશ્યતા નિવારણ માટે અખંડ પ્રયત્ન ચલાવ્યા છે.એટલે જ આપણે કહી શકીએ છીએ કે અંત્યજોનું હિત જાળવવાની જવાબદારી મહાસભા લઇ લે છે. દુનિયામાં સેવા મારફતે મળતી શક્તિને તોલે આવે એવી બીજી એકે શક્તિ નથી. કેવળ નજીકનું ડહાપણ જેમનામાં છે એવા લોકો આપણી સાથે દલીલ કરતા હતા. ગામડામાં ખેડૂતો આગળ અસ્પૃશ્યતા નિવારણની વાતો કરી

એમને છંછેડો મા. સ્વરાજની લડતમાં લડવા માટે ખેડૂતો તૈયાર નહી થાય પણ આપણે મહાસભાના લોકોએ તેમની વાત ન માની. આપણી રાષ્ટ્રીય શાળાઓમાં અને છાવણીઓમાં, સંકટ પ્રસંગે આપણી મદદમાં અને સ્વરાજને કાજે કરાતી કૂચોમાં આપણે અંત્યજોને સાથે રાખ્યા.જયાં અંત્યજોને સ્થાન નથી ત્યાં આપણે પગ મૂકવાના નથી. અંત્યજોની સગવડ પહેલી કરીશું, પછી આપણે સગવડ ભોગવીશું. એવી વૃતિ રાખી, તેથી જ આપણે મોઢા પર પાણી રાખીને કહી શકીએ કે અંત્યજોની રાજદ્વારી પ્રગતિ માટે અને સામાજિક ઉન્નતિ માટે અમે જવાબદાર છીએ.[૫૩]

ગાંધીજીએ અંત્યજોનો પક્ષ લેતા ખૂબ જ સરસ વાત કરી છે કે, હું શાસ્ત્રજાળમાં પડી ભોળવાઇ શકું તેમ નથી. મારી આંખોના પુરાવાને હું ઉડાવી શકતો નથી. જયાં જોઉ ત્યાં હું અંત્યજોનો તિરસ્કાર જોઉ છું.એક લેખક અભિમાનપૂર્વક લખે છે કે અંત્યજોનો તિરસ્કાર હિંદુ સમાજે સાચે જ કર્યો. આમ તો અંત્યજો ક્યારના નાશ પામ્યા હોત, મને તો લાગે છે કે તેઓનો નાશ આપણે નથી કર્યો. કેમ કે તેમની પાસેથી આપણે મેલા ઉપડાવવા હતા. ગુલામોનો નાશ કોણ કરે ? જેને ભાર ઉપડાવવો છે તે પોતાના જાનવરનો નાશ નથી કરતા. આપણે અંત્યજો પાસે કેટલો ભાર ઉપડાવ્યો છે તે તેમને કેવાં ગુલામ બનાવ્યા છે. એનો જયારે વિચાર કરું છું, ત્યારે મારે સારું જીવવું પણ દોહ્યલું થઇ પડે છે પણ આપણા અત્યાચારોમાં અજ્ઞાન છે, ઈરાદો નથી, એવી મારી સમજ છે. તેથી હું શબ્દબાણોથી છતાં અતિ પ્રેમ અને વિનયથી હિંદુ સંસારને જાગૃત કરી રહ્યો છું અને જીવી રહ્યો છું. આપણા આજના અંત્યજ પ્રત્યેના વર્તનને સારું આપણી આગળ એક પણ નૈતિક કારણ નથી.

મેલાને અડીને નહાવું એ મને ગમે છે. હું પોતે નાહુ છું. બીજાને તેમ કરવાની ભલામણ કરું છું પણ જે મારા જેવો જ દેહશુધ્ધ લાગે છે તેની જાત પૂછી જો તે અંત્યજ માલૂમ પડે તો તેનો ત્યાગ કરવો એ ન્યાય તો મને અસહ્ય છે. [૫૪]

મારે અસ્પૃશ્યતાને વિશે કંઇ કહેવું એ નકામી વાત છે. હું (ગાંધીજી) અનેકવાર કહી ચૂક્યો છું કે મને આ જન્મમાં મોક્ષ ન હોય તો હું આવતે જન્મે ભંગી જન્મું એવી મારી

આકાંક્ષા છે. હું વર્ણાશ્રમમાં માનું છું અને તેના વિશે જન્મ અને કર્મ બંનેમાં માનું છું પણ માનવાની ના પાડુ છું કે ભંગી એ કોઇ પતિતયોની છે. મેં તો અનેક ભંગી જોયા છે જે પૂજ્ય છે અને બ્રાહ્મણોમાં એવા અનેક જોયા છે કે જેમની પૂજા કરવી એ ભારે મુશ્કેલીની વાત થઇ પડે છે. બ્રાહ્મણ જન્મીને બ્રાહ્મણોની કે ભંગીની સેવા કરી શકું તેના કરતા ભંગી જન્મીને ભંગીની સેવા વધારે કરી શકીશ અને બીજી જ્ઞાતિઓને પણ સમજાવી શકીશ. હું ભંગીની એક રીતે સેવા કરવા ઇચ્છું છું. હું તેમને એવી શિખામણ આપવા નથી માંગતો કે બ્રાહ્મણની તેઓ ધૃણા કરે.ધૃણાથી મને અતિશય દુઃખ થાય છે. ભંગીનો હું ઉત્કર્ષ ચાહુ છું પણ પાશ્ચાત્ય પધ્ધતિએ હકો મેળવવાનું શીખવવાનો હું મારો ધર્મ નથી સમજતો એ રીતે કશું મેળવવું એ આપણો ધર્મ નથી. મારપીટથી મેળવેલું દુનિયામાં નભી નથી શકવાનું અને એ જમાનો આવતા, મારી આંખે જોઇ રહ્યો છું કે જયારે મારપીટથી કશુ સાધી ન  શકાય. હું હિંદુ ધર્મની ઉન્નતિ ચાહુ છું અને અસ્પૃશ્યો પોતાના કરવા માંગુ છું એટલે કોઇપણ અંત્યજ પોતાનો ધર્મ છોડીને બીજા ધર્મમાં જાય છે ત્યારે મને ભારે ધક્કો પહોંચે છે પણ આપણું શું કરીએ ? આપણે હિંદુઓ પતિત બન્યા છીએ. આપણામાંથી ત્યાગવૃતિ ચાલી ગઇ, પ્રેમવૃતિ ચાલી ગઇ, સાચી ધર્મવૃત્તિ ચાલી ગઇ, ગીતામાં તો બ્રાહ્મણ અને અંત્યજો એક સરખા સમજવાનુ કહ્યું છે. એકસરખા એટલે શું ? એટલે એમ નહી કે બ્રાહ્મણના ધર્મો અને ભંગીના ધર્મો એક થઇ જાય છે પણ બંનેને આપણે સરખો ન્યાય આપીએ એટલે અંશે સમજણ હોવી જોઇએ. હું ભંગીની જરૂરિયાતો પૂરી પાડું. ભંગીનુ દુઃખ તો એ છે કે આપણે તેમની સામાન્યમાં સામાન્ય જરૂરિયાતો પણ પૂરી નથી પાડયા. ભંગીને પણ સુવાનું જોઇએ. તેને પણ સ્વચ્છ હવા અને પાણી જોઇએ, તેને પણ સ્વચ્છ ખોરાક જોઇએ. એટલી વાતોમાં તો તેઓ બ્રાહ્મણોના સરખા છે. જે ભંગીને સેવાની જરૂરિયાત છે. દાખલા તરીકે જે ભંગીને સાપ કરડ્યો છે, તેની હું સેવા જ કરું. ભંગીને મારું એઠુ જૂઠું ખવડાવું તો હું જ પતિત બનું. એથી હું જ કહું છું કે અસ્પૃશ્યતા એ હિંદુ ધર્મનું મહાપાપ છે.

એક પ્રકારની અસ્પૃશ્યતાને હિંદુ ધર્મમાં સ્થાન છે. એક માણસ મેલાને હાથ લગાડે તે સ્નાન કરી સ્વચ્છ થાય ત્યાં સુધી અસ્પૃશ્ય ભલે હોય. મારી માં મળમૂત્ર સાફ કરવાનું કામ કરતી ત્યારે સ્નાન કર્યા વિના કશાને અડકતી નહી. હું વૈષ્ણવ સંપ્રદાયનો રહ્યો એટલે એટલી અસ્પૃશ્યતામાં કર્મની ક્ષણિક અસ્પૃશ્યતામાં હું માનું છું પણ જન્મની અસ્પૃશ્યતામાં હું નથી માનતો. હું તો મારા મળમૂત્ર જેણે એકવાર ઉઠાવેલા એવી મારી માતાનું સ્મરણ કરું છું, ત્યારે તે મારે માટે વધારે પૂજય બને છે. તેવી જ રીતે ભંગીની સેવાનો વિચાર કરું છું, ત્યારે તે મારે મન પૂજય બને છે.

અંત્યજ ભાઈઓ, તમારી સાથે લાંબી વાતો નહોતી કરવી છતાં કરી; કારણ તમારી સાથે મને મહોબ્બત છે. તમારે સંબંધે જે પાપ થાય છે તેને માટે હું તમારી માફી માંગુ છું પણ તમારે તમારી ઉન્નતિની પણ શરત સમજવી જોઈએ. પૂનામા હું ગયો હતો ત્યાં એક અંત્યજ ભાઈએ ઉભા થઈને પૂછ્યું કે હિંદુ જાતી અમને ન્યાય નહી આપે તો અમે તો મારઝુડથી અમારું કામ લઈશું. મને એ સાંભળીને દુઃખ થયેલું. શું હિંદુ જાતીનો કે તમારો એથી ઉધ્ધાર થાય ? શું એથી અસ્પૃશ્યતા દૂર થાય ? ઉપાય તો એ છે કે આપણે ધર્માંધ હિંદુઓને સમજાવીએ અને તેઓ કષ્ટ આપે તે બરદાસ્ત કરીએ. તમે શાળાઓમાં જવાનો હક્ક માગો, મંદિરમાં જવાનો હક્ક માગો, ચારે વર્ણો જયાં જયાં જઈ શકે, જે જે સ્થાન અને પદ ભોગવી શકે તે તે ભોગવવાના તમે હક્ક માગો એ બરોબર છે. તમને કોઈ પણ ઐહિક સ્થિતિ અપ્રાપ્ય ન હોય એ અસ્પૃશ્યતા નિવારણનો અર્થ છે પણ એ બધુ તમે પ્રયત્ન કરો તો તે પાશ્ચાત્ય રીતે નહી પણ હિંદુ ધર્મના જે કલ્યાણકારી છે તે રીતે શરીરબળથી કાર્ય સાધવા માગીએ છીએ. તમારામાં એ રાક્ષસી વૃતિ ન પેસે અને તમે સાચો ભાગવત ધર્મ પાળો એમ તમારી પાસે માગુ છું. ઈશ્વર આપણને એવી સન્મતિ આપે છે કે જેથી અસ્પૃશ્યતાનું નિવારણ ક્ષણમાં થઈ જાય.[૫૫]

ગાંધીજી ઉદાહરણ દ્વારા જણાવે છે કે, શરીર પર ગૂમડું થયુ હોય તો આખા શરીરનો નાશ કરવો અથવા તૂલ સાથે ઉગી નિકળતા નકામા ઘાસને કારણે તૂલનો નાશ કરવો એ જેમ

ખોટું છે તેમ અસ્પૃશ્યતાને કારણે જ્ઞાતિપ્રથાનો નાશ કરવો એ પણ ખોટું છે.તેથી જે અર્થમાં આપણે સમજીએ છીએ તે અર્થમાં, અસ્પૃશ્યતાનો પૂરેપૂરો નાશ કરવો જોઇએ. આ આખી જ્ઞાતિ પ્રથા મરવા દેવી ન હોય તો આપણે અસ્પૃશ્યતારૂપી ગુમડાને દૂર કરવું જોઇએ. આમ, અસ્પૃશ્યતા એ જ્ઞાતિપ્રથાની નહી પણ હિંદુ ધર્મમાં પેઠેલા અને તેને કોરી ખાતા ઊંચનીચના ભેદભાવની પેદાશ છે, એટલે અસ્પૃશ્યતા સામેનો હુમલો એ આ ઊંચનીચની ભાવના સામેનો હુમલો છે. અસ્પૃશ્યતા દૂર થતાની સાથે ખુદ જ્ઞાતિપ્રથા શુધ્ધ થશે, એટલે કે મારા સ્વપ્ન પ્રમાણે તે સાચા વર્ણધર્મમાં ચાતુર્વર્ણ્યમાં પરિણમશે સમાજના આ ચાર વિભાગો એકબીજાને પૂરક હશે. એકબીજાથી ઊંચા કે નીચા નહી હોય અને આખા સમાજ શરીરના પોષણ માટે સરખી રીતે આવશ્યક હશે. [૫૬]

અસ્પૃશ્યતાનો શાપ મથાળા હેઠળ ગાંધીજીએ પોતાના પુસ્તક મારા સ્વપ્નનું ભારતમાં લખ્યું છે કે, આજે હિંદુ ધર્મને માથે ન ભૂંસી શકાય એવું કલંક લાગેલું છે. એ અનાદી કાળથી ઉતરી આવેલું છે. એમ માનવાને હું ઇન્કાર કરું છું કે આપણે સંસ્કૃતિની નીચામાં નીચી કક્ષાએ હોઇશુ ત્યારે આપણામાં આ અસ્પૃશ્યતાની અધમ, દુષ્ટ અને ગુલામ બનાવનારી ભાવના જન્મી હશે. આ અનિષ્ટ આપણને વળગ્યું છે અને આજે પણ આપણને વળગેલું છે. મારા મત પ્રમાણે એ આપણા ઉપર ઉતરી આવેલો એક શાપ છે અને મને લાગે છે કે જયાં સુધી આપણે માંથે એ શાપ છે ત્યાં સુધી આ પવિત્ર ભૂમિ ઉપર જે જે દુઃખ આવી પડે તે આપણે જે ન ભૂંસાય એવુ પાપાચરણ કરી રહ્યાં છીએ તેની યોગ્ય શિક્ષા છે એમ માનવું રહ્યું. આજે હિંદુ ધર્મમાં જે જાતની અસ્પૃશ્યતા પળાઇ રહી છે તે મારા મત મુજબ ઇશ્વર અને માણસ સામેનું પાપ છે અને તેથી હિંદુ ધર્મના મર્મને ધીમે ધીમે કોરી ખાતા ઝેર જેવી છે. મારા અભિપ્રાય મુજબ હિંદુ શાસ્ત્રોને સમગ્રપણે જોતાં અસ્પૃશ્યતાને કોઇ પણ જાતનો ટેકો નથી. બેશક એક પ્રકારની હિતકારક અસ્પૃશ્યતાનો ઉલ્લેખ શાસ્ત્રોમાં જોવા મળે છે અને તે બધા ધર્મોમાં છે, એ સ્વચ્છતાનો નિયમ છે. તે તો સદાયે રહેશે પણ જે જાતની અસ્પૃશ્યતા આજે આપણે હિંદમાં જોઇએ છીએ તે એક ધ્રૃણાજનક વસ્તું છે અને તે જુદાં-જુદાં પ્રાંતોમા,

જિલ્લાઓમાં પણ વિવિધરૂપ ધારણ કરે છે. તેણે અસ્પૃશ્યો અને સ્પૃશ્યો બંનેની અધોગતિ કરી છે. તેણે લગભગ ચાર કરોડ માનવીઓનો વિકાસ અટકાવ્યો છે. તેમને જીવનની સામાન્ય સુખ સગવડો પણ આપવામાં નથી આવતી. તેથી અસ્પૃશ્યતાનો જેટલો વહેલો નાશ થાય તેટલો હિંદુ ધર્મ માટે અને કદાચ માનવજાત માટે સારો.

જો આપણે ભારતનાં પાંચમાં ભાગની વસ્તીને કાયમી ગુલામીમાં રાખવા માંગતા હોઇએ અને તેને ઇરાદાપૂર્વક રાષ્ટ્રીય સંસ્કૃતિના લાભોથી વંચિત રાખવા માગતા હોઇએ તો પછી સ્વરાજ્ય શબ્દનો કશો અર્થ નથી. આ આત્મશુધ્ધિની મહાન હિલચાલમાં આપણે ઇશ્વરની મદદ માગીએ છીએ, પરંતુ તેના સંતાનોમાં જેઓ સૌથી વધુ લાયક છે તેમને માનવ હકો આપવાની ના પાડીએ છીએ. આપણે પોતે જ માનવતા વિહોણા હોઇએ તો બીજાની ક્રૂરતામાંથી આપણને મુક્ત કરવા ઇશ્વરના સિંહાસન આગળ પ્રાર્થના ન કરી શકીએ.

અસ્પૃશ્યતા પ્રાચીન સંસ્થા છે. એને વિશે કોણે ના પાડી જ છે તે ? પણ જો તે પાપ હોય તો તેની પ્રાચીનતાથી તેનો બચાવ ન થઇ શકે.

જો અસ્પૃશ્યો આર્ય લોકોએ બહિષ્કૃત કરેલા લોકો હોય તો એમાં તો ઊલટી આર્ય સમાજની શરમ રહેલી છે અને જો આર્યોએ પોતાની પ્રગતિને કોઇપણ સમયે અમુક વર્ગને બહિષ્કૃત ગણવાની સજા કરી હોય તો તેથી જે કારણે પોતાના પૂર્વજોને એ સજા થઇ હતી તે કારણોને માટે તદ્દન બિનજવાબદાર એવી તેમની ઓલાદે પણ તે સજા શા સારું ખમવી જોઇએ?

અસ્પૃશ્યો પણ માંહોમાંહે અસ્પૃશ્યતા પાળે છે. એ તો એટલું જ સિધ્ધ કરે છે કે પાપને બંધ રાખી શકાતું નથી. તેનુ ઝેર ચારે દિશામાં ફેલાય છે જ. અસ્પૃશ્યોમાં પણ એ સડો છે, એ તો હિંદુ સમાજ એ સડામાંથી જેમ બને તેમ જલદી મુક્ત થવાનું વધારે કારણ છે.

જો પશુઓ મારવાને લીધે અને માંસ, રૂધિર અને હાડકા તથા વિષયની સાથે કારભાર કરવાનો હોવાને લીધે તેઓ અસ્પૃશ્ય બન્યા હોય, તો દરેક નર્સ અને દરેક દાક્તર અસ્પૃશ્ય

હોવો જોઇએ અને તે જ પ્રમાણે ખ્રિસ્તી, મુસલમાન અને કહેવાતા ઉચ્ચ વર્ગના હિંદુઓ જેઓ આહાર અથવા યજ્ઞને માટે પશુવધ કરે છે તેઓ પણ અસ્પૃશ્ય હોવા જોઇએ.

કસાઇખાના, તાંડીના પીઠા અને વેશ્યા ગૃહો વસ્તીથી અલગ રાખવામાં આવે છે અથવા રાખવા જોઇએ. તેથી અસ્પૃશ્યોને પણ અલગ રાખવા જોઇએ. એ દલીલ તો અસ્પૃશ્યો પ્રત્યેનો ઘોર દ્રેષ પ્રગટ કરે છે. કસાઇખાના અને તાંડીના પીંઠા જરૂર અલગ રાખવા જોઇએ. અને રાખવામાં આવે છે જ પણ કસાઇઓ કે દારૂતાંડીવાળાને અલગ નથી રાખવામાં આવતા.

આપણે આંતરિક કસોટીઓ અને પ્રલોભનોથી દોરાયેલા છીએ અને અત્યંત અસ્પૃશ્ય અને અધમ વિચારપ્રવાહોથી આપણા મન કલુષિત થયેલાં છે.તે સ્થિતિમાં અભિમાનના માર્યા, આપણે જે લોકોને ઘણીવાર આપણા અજ્ઞાનને અને વધુ વાર આપણા અહંકારને કારણે આપણાથી હલકા ગણીએ છીએ, તે લોકોના સ્પર્શની અસરની બાબતમાં અતિશ્યોક્તિ ન કરીએ. ઇશ્વરના સિંહાસન આગળ, આપણે શું ખાધુ છે કે આપણને કોણ અડ્યું છે તેના પરથી નહી પણ આપણે કોની અને કેવી રીતે સેવા કરી છે, તેના પરથી આપણો ન્યાય થશે.જો આપણે એક પણ દુ:ખી માણસની સેવા કરીશું તો ભગવાનની આપણા તરફ કૃપાદષ્ટિ થશે. આપણે અમુક ખોરાક નથી ખાતા એ હકીકતનો ઉપયોગ આપણી છેતરપીંડી, દંભ અને તેથીયે ખરાબ દુર્ગુણોને ઢાંકવા માટે ન કરવો જોઇએ. આપણા પતિત કે ગંદા ભાઇનો સ્પર્શ આપણા આધ્યાત્મિક વિકાસને હાની પહોંચાડે એવા ભયથી આપણે તેની સેવા કરવાની ના ન પાડી શકીએ. [૫૭]

આગળ ગાંધીજી ભંગીઓ માટે લખે છે કે, જયાં ભંગીનો નોખો ધંધો છે ત્યાં કંઇક મહાદોષ પેસી ગયો છે. એમ મને તો વર્ષો થયા લાગ્યું છે. આ આવશ્ય આરોગ્ય પોષક કાર્યને હલકામાં હલકુ પ્રથમ કોણે ગણ્યું હશે તેનો ઇતિહાસ આપણી પાસે નથી.જેણે ગણ્યું તેણે આપણી ઉપર ઉપકાર તો નથી જ કર્યો. આપણે બધા ભંગી છીએ એ ભાવના આપણા મનમાં બચપનથી જ ઠસાવી જોઇએ અને એ ઠસાવવાનો સહેલામાં સહેલો રસ્તો એ છે કે જે

સમજ્યાં છે તે જાતમહેનતનો આરંભ પાયખાના સાફ કરવાથી કરે. આમ જ્ઞાનપૂર્વક કરશે તો તે જ ક્ષણથી ધર્મને જુદી ને ખરી રીતે સમજતો થશે.

શરૂઆતમાં અસ્પૃશ્યતા એ સ્વચ્છતાના એક નિયમના રૂપમાં હતી અને આજે પણ એ રૂપમાં ભારત બહારની દુનિયાના બધા ભાગમાં છે, એટલે કે અસ્વચ્છ માણસ કે વસ્તુ અસ્પૃશ્ય છે પણ અસ્વચ્છતા દૂર થાય કે તરત જ તે અસ્પૃશ્ય મટી જાય છે. તેથી જ તે લોકો મેલુ ઉપાડવાનું કામ કરે છે, પછી તે પગારદાર ભંગી હોય કે વગર પગારે કામ કરતી મા હોય, તેઓ નાહી ધોઇને સ્વચ્છ ન થાય ત્યાં સુધી જ અસ્વચ્છ ગણાય. ભંગીને કાયમ માટે અસ્પૃશ્ય ગણવાને બદલે તેને એક ભાઇ તરીકે ગણવામા આવે અને સમાજ માટે ભંગીકામ કર્યા પછી તેને સ્વચ્છ થવાની તક આપવામાં આવે, બલકે તેમાં તેને મદદ કરવામાં આવે તો તે સમાજમાં બીજા કોઇ પણ સભ્ય જેટલો જ સ્વીકાર્ય થાય.[૫૮]

લંડનમાં ગોળમેજી પરિષદમાં આપેલા ભાષણમાં ગાંધીજીએ જણાવેલું કે દીન,દલિત, પતિત ને મૂડીદારોએ, જમીનદારોએ, ઉચ્ચ કહેવાતા વર્ણો અને છેવટે શાસ્ત્રશુધ્ધ રીતે અંગ્રેજ રાજકર્તાઓએ જે કીચડમાં ડૂબાડી દીધા છે.તેમાંથી તેમનો ઉધ્ધાર કરવા માટે ભારતવર્ષને આવતા ઘણા વરસ સુધી કાયદાઓ પસાર કર્યા કરવા પડશે એવી મને બીક છે. આ લોકોને જો આપણે કીચડમાંથી બહાર કાઢવા હોય તો, પોતાનું ઘર વ્યવસ્થિત કરવા માટે, આ લોકોનો વિચાર પહેલો કરવાની અને જે બોજાઓ નીચે તેઓ કચડાઇ રહ્યા છે તેમાંથી તેમને છોડાવવાની પણ રાષ્ટ્રીય સરકારની ફરજ થઇ પડ્યું અને જો જમીનદારો ધનિકો અને આજે જેઓ ખાસ હકો ભોગવી રહ્યા છે એવા લોકો તેઓ ગોરા હોય કે હિંદી તેની દરકાર મને નથી. જો જુએ કે તેમની સામે ભેદભાવ રખાય છે, તો હું તેમના પ્રત્યે સહાનુભૂતિ બતાવીશ પણ મારાથી મદદ થઇ શકતી હશે તો પણ હું મદદ નહી કરું, કેમ કે હું તો એ ક્રિયામાં તેમની મદદ માગીશ અને તેમની મદદ વિના આ લોકોને કીચડમાંથી બહાર કાઢી શકાશે જ નહી.

આપણી ઇચ્છા હોય તો અંત્યજોની સ્થિતિ તરફ નજર નાખો અને જો કાયદો તેમની મદદે આવી તેમના માટે અમુક માઇલોનો પ્રદેશ જુદો કાઢે તો તેમની શી સ્થિતિ થાય એ

જુઓ. આજે એમની પાસે જરાયે જમીન નથી. આજે તેઓ ઉજળિયાત લોકોની દયા પર અને હું કહું કે સરકારની દયા પર જ જીવે છે. તેમને એક જગ્યાએથી બીજી જગ્યાએ ખસેડવામાં આવે તોયે તેઓ ફરીયાદ ન કરી શકે અને કાયદાની મદદ ન મેળવી શકે એટલે ધારાસભાનું પહેલુ કામ એ જોવાનું રહેશે કે કંઇક સ્થિતિ સરખી કરવા માટે આ લોકોને છૂટથી દાન આપવામાં આવે. આ દાન કોના ગજવામાંથી આપવાના છે ? સ્વર્ગના ગજવામાંથી તો નથી જ આપવાના, સરકારને માટે સ્વર્ગ ઉપરથી પૈસાનો વરસાદ નથી વરસાવવાનું એટલે સ્વભાવિકપણે એ પૈસા ધનિકો પાસેથી જ આવશે, એમાં યુરોપીયનો પણ આવી જાય છે. [૫૯]

આજે બ્રાહ્મણ અને ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ખાલી નામો જ રહ્યા છે. જે વર્ણને હું માનું છું તેનો પૂરેપૂરો સંકર થઇ ગયો છે અને આજે તમામે હિંદુઓ સ્વેચ્છાએ શૂદ્ર નામ ધારણ કરે એમ હું ઇચ્છું છું. બ્રાહ્મણત્વમાં રહેલા સત્યનું જગતને દર્શન કરાવવાનો અને વર્ણધર્મનું સાચું સ્વરૂપ સજીવન કરવાનો એ એક જ માર્ગ છે.[૬૦] ગાંધીજી એમ પણ જણાવે છે કે બ્રાહ્મણ, શૂદ્ર બાળાને અથવા જે શૂદ્ર બ્રાહ્મણ બાળાને પરણે તે વર્ણધર્મનો લોપ નથી કરતો.[૬૧]

ગાંધીજીના મત અનુસાર સર્વોદય એક આદર્શ સમાજવ્યવસ્થા રજૂ કરે છે. તેનો આધાર સર્વવ્યાપી પ્રેમ છે એટલે તેમાં કોઇ જાતના અપવાદ વગર રાજા અને રંક, હિંદુ અને મુસલમાન, સ્પૃશ્યો અને અસ્પૃશ્યો,ગોરા ને કાળા, સાધુ અને પાપી સૌને માટે સ્થાન છે. તેમાં કોઇ વ્યક્તિ કે મંડળને દબાવી દેવામાં નહી આવે, કોઇનું શોષણ નહી થાય કે કોઇને નાબૂદ કરવામાં નહિ આવે. આ સમાજવ્યવસ્થામાં સૌ સમાન હશે, તેમના શ્રમના ઉત્પાદનમાં સૌનો હિસ્સો હશે, જબરો નબળાનું રક્ષણ કરશે અને દરેક જણ સૌના હિતમાં કામ કરશે.[૬૨] ગાંધીજી સમાજવાદ વિશે લખે છે કે, સમાજવાદ સુંદર શબ્દ છે. હું જાણું છું ત્યાં લગી સમાજવાદ એટલે સમાજના બધા અંગ સરખા ન કોઇ નીચા ન કોઇ ઊંચા. નથી માથુ ઊંચુ કેમ કે તે શરીરની ટોચ પર છે, નથી પગના તળિયા નીચા કેમ કે તે જમીનને અડકે છે. જેમ વ્યક્તિના શરીરના બધા અંગ સરખા તેમજ સમાજ શરીરના. આવી માન્યતાનું નામ સમાજવાદ.[૬૩] ગાંધીજી ઘણીવાર કહેતા કે, હિંસા બાદ કરીને સામ્યવાદી છું અથવા અવળી

રીતે રજૂ કરતાં કે હું સામ્યવાદનો નહી પણ સામ્યધર્મનો પ્રચારક છું.[૬૪] જીવ્યા ત્યાં સુધી તેમણે આ ધર્મનું વધારે ને વધારે પાલન કરવા પ્રયત્ન કર્યો. દેશના સૌથી ગરીબ અને દલિત વર્ગની સાથે એકતા સાધ્યા કરવાનો એમનો પ્રયત્ન હતો.

ગાંધીજી દઢપણે માનતા કે સ્વાધિનતા એ તો પૂર્ણ સ્વરાજનું પ્રથમ પગથિયું છે. આર્થિક ઉન્નતિ, ગરીબીનું નિવારણ, સામાજિક ભેદભાવની નાબૂદી, બુનિયાદી અને વ્યવસાયલક્ષી શિક્ષણ તેમજ સંસ્કૃતિ અને ધર્મ વિશેના તર્કશુધ્ધ ખ્યાલોનું અમલીકરણ પૂર્ણ સ્વરાજની સિધ્ધિ માટે અનિવાર્ય છે. સ્વરાજની ચળવળને અંગે ગાંધીજી ભ્રમણ કરતા હતા. તેમાં પણ હિંદુ પ્રજાને આ બાબત વિશે યોગ્ય સમજ આપતા કહ્યું હતું કે અસ્પૃશ્યતા એ હિંદુ ધર્મનું અંગ હોય તો તેટલી હિંદુ ધર્મમાં શયતાનિયત છે એમ હું કહીશ પણ મારી દઢ માન્યતા છે કે હિંદુ ધર્મમાં તેવું કંઇ જ નથી. અમુક જ્ઞાતિના માણસોનો સ્પર્શ ન કરવામાં ધર્મ નથી, અધર્મ છે. અસ્પૃશ્યતાને ધર્મ ગણી આપણે અનેક પાપો કર્યા છે. તેનું પ્રાયશ્ચિત આપણે કરવું જ રહ્યું. આપણે ત્યાં અંત્યજો પ્રત્યેના વર્તનરૂપી લાંબા સમયથી ચાલ્યા આવતા અન્યાયને કાઢી નાખવો જ જોઇએ.[૬૫] તેઓ કહેતા કે પસંદગીનો ખરો આધાર માણસની સ્વરાજની કલ્પના પર રહેલો છે. સ્વરાજ જો અંગ્રેજી બોલનાર હિંદીઓનું, તેમને માટે જ થવાનું હોય તો, બેશક અંગ્રેજી જ રાષ્ટ્રભાષા હોય પણ સ્વરાજ જો ભૂખે મરતા કરોડોનું, નિરક્ષર કરોડોનું, નિરક્ષર બહેનોનું, દલિત અંત્યજોનું અને તે સૌને માટે થવાનું હોય તો, હિંદી એ જ એકમાત્ર રાષ્ટ્રભાષા થઇ શકે એમ છે.[૬૬] ગાંધીજી લખે છે કે સૌ પોતપોતાની રોટી માટે શરીરશ્રમ કરે તો સૌને પૂરતો ખોરાક અને પૂરતી ફુરસદ મળી રહે. પછી વધારે પડતી વસ્તીની બૂમ નહી હોય, રોગ નહી હોય અને આજે ચારેબાજુ નજરે પડતા દુ:ખો નહી હોય. આ મજુરી યજ્ઞનું ઊંચામાં ઊંચુ સ્વરૂપ હશે. અલબત માણસ તેના શરીર દ્વારા કે બુધ્ધિ દ્વારા બીજી અનેક વસ્તુઓ કરશે પણ તે બધી સાર્વજનિક લાભને માટે કરેલી મહેનત હશે. પછી કોઇ તવંગર નહિ હોય ને કોઇ ગરીબ નહિ હોય, કોઇ ઊંચો ને કોઇ નીચ નહી હોય, કોઇ સ્પૃશ્ય ને કોઇ અપૃશ્ય નહી હોય.[૬૭] તેઓ લખે છે કે મારા પ્રયત્નો એવા ભારતવર્ષને માટે

હશે જે ભારતવર્ષમાં તમામ કોમો હળીમળીને રહેતી હશે, એવા ભારતવર્ષમાં અસ્પૃશ્યતા પ્રશ્ને અથવા કેફી પીણા જેવાં પદાર્થોને સ્થાન હોય જ નહિ શકે. સ્ત્રીઓ પુરૂષો જેટલા જ હક ભોગવશે.[૬૮] ગાંધીજીને માત્ર રાજકીય આઝાદી નહીં પણ સામાજિક ગુલામીમાંથી પણ છેવાડાના માણસોને મુક્તિ અપાવવી હતી, જયાં અદ્વૈતની ભાવના હોય એ સંસ્કૃતિમાં રહેલી અસ્પૃશ્યતાની બદી એમને કનડતી હતી તેથી તેમણે અસ્પૃશ્યતાને હિંદુ ધર્મનું કલંક ગણાવી ગાંધીજીના વિશ્વ પ્રેમના આદર્શ જનતાને યુગો લગી અવગણાયેલા, ભૂલાયેલા, હડધૂત થયેલા ભાઇ-ભાડું તરફ વાળ્યા અને આપણી નાનકડી આંખમાં સમાય છે એટલું જ જગત નથી તેનું ભાન કરાવ્યું. ગાંધીજી ભાર દઇને કહે છે કે, જો વિશ્વમાં જે કંઇ છે તે બધુ ઇશ્વરથી વ્યાપ્ત હોય એટલે કે બ્રાહ્મણ અને ભંગી પંડિત અને ઝાડુ વાળનાર ઇળવા અને પરાયા, ગમે તે નાતજાતના હોય તોયે આ મંત્ર પ્રમાણે ઇશ્વરથી વ્યાપ્ત હોય તો જગતમાં કોઇ ઊંચુ નથી ને કોઇ નીચુ નથી. સૌ એકસરખા છે, સમાન છે કેમ કે સૌ એ સર્જનહારની પ્રજા છે. ગાંધીજી કહેતા કે, અસ્પૃશ્યતા એ આ વહેમમાં સૌથી મોટો છે. એમ કહેતા મેં આંચકો ખાધો નથી પણ એ બધા વહેમ હોવા છતાં હું હિંદુ રહ્યો છું. કેમ કે આ વહેમ હિંદુ ધર્મનું અંગ છે એમ હું માનતો નથી. હિંદુ ધર્મ ઠરાવેલા શાસ્ત્રાર્થના નિયમો જ મને શીખવે છે કે જે સત્યનું મેં તમારી આગળ વિવરણ કર્યું ને જે સત્ય ઇશોપનિષદના મંત્રમાં રહેલું છે તેની સાથે જે વસ્તુનો મેળ ન ખાતો હોય તે હિંદુ ધર્મનું અંગ નથી. તેનો તત્કાળ અસ્વીકાર કરવો જોઇએ અને સવર્ણ કહેવાતા હિંદુઓને તેમણે જેમને અત્યારલગી અસ્પૃશ્ય, દૂરિત ને અદર્શનિય ગણ્યા છે એવા લોકોની અંદર આ સત્યનો પ્રચાર કરવામાં તમે અહિંદુઓ  મદદ કરશે એમ હું તમારી પાસેથી માંગુ છું.[૬૯]

અસ્પૃશ્યતા નિવારણ વિશેના ગાંધીજીના વિચારો ઘણા ઠોસ જણાય છે. તેઓ કહેતા કે હું માનું છું કે અસ્પૃશ્યતા કેવળ મનુષ્યએ જ પેદા કરેલી છે અને લોકોમાં નૈતિક કે બૌધ્ધિક વિકાસ સાથે કશો સંબંધ નથી. તેનું કારણ એટલું જ કે હિંદુ સમાજમાં એવા માણસો અસ્પૃશ્યતા ગણેલા દેખાય છે જે નીતિને બુધ્ધિના વિકાસમાં ઊંચામાં ઊંચા સવર્ણ હિંદુની

બરાબરી કરી શકે તેવા હોય ને છતાં એમને અસ્પૃશ્ય ગણવામાં આવે છે. અસ્પૃશ્યતાથી મુક્ત એવા સમાજનુ મારું ચિત્ર એ છે કે એમાં કોઇ માણસ પોતાને બીજાથી ઊંચો નહી ગણે.[૭૦] તેઓ કહેતા અંત્યજોનો એક જુદો વર્ગ હોય એ હિંદને માથે કલંક છે. નાતજાત એ બંધારણ છે. પાપ નથી પણ અસ્પૃશ્યતા એ તો પાપ છે, સખત ગુનો છે અને હિંદુસ્તાન જો આ નાગનો વેળા છતાં નાશ નહી કરે તો એ તેને ભરખી જશે. અસ્પૃશ્યોને હિંદુ ધર્મથી અલગ હરગીજ ન માનવા જોઇએ.... રાવણ રાક્ષસ હતો પણ અસ્પૃશ્યતારૂપી રાક્ષસ તો રાવણથીય ભયંકર છે. અસ્પૃશ્યતા પરના તેમના પ્રહારોમાં હિંદુ સવર્ણ સમાજ સામે કઠોરતા દેખાતી હતી.... હિંદુ ધર્મને અંગે કેટલીક રૂઢિઓ જામેલી છે, તેમાંથી કેટલીક સ્તુત્ય, બીજી નિંદ્ય છે. અસ્પૃશ્યતા નિંદ્ય છે. ધર્મને નામે તેથી બે હજાર વર્ષોનું પાપ હિંદુ ધર્મને ચડ્યું છે ને હજુ ચડતું જાય છે, એ રૂઢિને હું પાખંડ કહું છું. એ પાખંડમાંથી આપણે નિકળવું પડશે અને તેનું પ્રાયશ્ચિત આપણે કર્યા જ કરીએ છીએ. મનુસ્મૃતિ આદિ શાસ્ત્રોમાંથી આ રૂઢિના ટેકામાં શ્લોકો ટાંકવા નિરર્થક છે. ઘણાનો કંઇ અર્થ રહ્યો નથી.એવો એક પણ હિંદુ મેં જોયો નથી જે મનુસ્મૃતિના બધા શાસનોનું પાલન કરતો હોય અથવા ઇચ્છતો હોય.[૭૧]

ગાંધીજીને અસ્પૃશ્યતા નિવારણ શબ્દને બદલે સ્પર્શ ભાવનાનો શબ્દ વધુ ગમતો હતો. સ્પર્શભાવના એ વિધાયક વ્રત છે.તે માણસ માણસના સંપર્કને અને સ્પર્શને વધુ ઉત્તેજન આપે છે. એનો અર્થ એ છે કે આપણે કોઇને અશુધ્ધ ન માનીએ, માનવમાત્રને સમાન માનીએ.[૭૨] ગાંધીજીએ દાહોદની એક સભામાં કહ્યું કે, હું અહીં કેટલાક અંત્યજ ભાઇઓને દૂર ઊભેલા જોઉ છું એથી મને અતિશય દુઃખ થાય છે. ઇશ્વરે સર્જેલા કોઇપણ પ્રાણીને અડતા આપણે અભડાઇએ એવો વિચાર કરવામાં પણ મને તો અધર્મ લાગે છે. રિવાજ માત્રને ધર્મને નામે ઓળખી લેવો એ દુરાગ્રહ ગણાય. ગાંધીજીનું ભાષણ અંત્યજોને પણ નવી દિશા ચીંધનારું હતું. ગાંધીજીએ કહ્યું કે, અંત્યજોના જે દોષો ગણાય છે તેમાંથી મુક્ત થવા તેઓ ભારે પ્રયત્ન કરે એમ હું ઇચ્છું છું. ગોધરામાં ઘણા અંત્યજોએ જયારે હું ત્યાં હતો ત્યારે દારૂનું વ્યસન છોડવાનો નિર્ણય કર્યો હતો. મારી ઉમેદ છે કે, અહીંના અંત્યજ ભાઇઓ તેમજ કરશે.[૭૩]

ગાંધીજી કહેતા, મેં અસ્પૃશ્યતા નિવારણને મહાસભાનું એક કાર્ય માન્યું છે. તે કેવળ રાજકીય હેતુ માટે નહીં, એ હેતુ તુચ્છ છે, સ્થાયી નથી, સ્થાયી વાત તો એ છે કે હિંદુ ધર્મ જેને હું સર્વોપરી માનું છું. તેમાં અસ્પૃશ્યતાનું કલંક ન હોઇ શકે. સ્થૂળ સ્વરાજ માટે હું અંત્યજોને વટાવવા નથી માગતો, એ લાલચમા તેમને ફસાવવા નથી માંગતો. મને તો લાગે છે કે હિંદુઓએ અસ્પૃશ્યતાને વળગી રહીને ભારે પાપ કર્યું છે. તેનું પ્રાયશ્ચિત કરવું જોઇએ. હું અસ્પૃશ્યોની શુધ્ધિ જેવી કોઇ વસ્તુ જ નથી માનતો.હું તો મારી શુધ્ધિ કરવામાં જ માનું છું. હું પોતે અશુધ્ધ, તે કોઇની શુધ્ધિ શી રીતે કરી શકવાનો હતો. મેં અસ્પૃશ્યતાનું પાપ કર્યું છે, તો મારે જ શુધ્ધ થવું જોઇએ એટલે આપણે અસ્પૃશ્યતા નિવારણનું કામ કરીએ છીએ તે કેવળ આત્મશુધ્ધિનું કાર્ય છે, અસ્પૃશ્યોની શુધ્ધિનું નહીં. હું તો હિંદુ ધર્મમાં રહેલ આ નિયમને નાબૂદ કરવાની વાત કરું છું.મારી પાસે અસ્પૃશ્યોને ફોસલાવવાની વાત નથી.[૭૪]

ગાંધીજી કહેતા કે, અસ્પૃશ્યતા હિંદુ ધર્મનું અંગ નથી એટલું જ નહિ પણ એ હિંદુ ધર્મમાં પેસી ગયેલો સડો છે, વહેમ છે, પાપ છે ને તેનું નિવારણ કરવું પ્રત્યેક હિંદુનો ધર્મ છે, તેનું પરમ કર્તવ્ય છે. તેથી જે તેને પાપ માને છે તે તેનું પ્રાયશ્ચિત કરે અને કંઇ નહી તો પ્રાયશ્ચિત રૂપે પણ ધર્મ સમજીને સમજદાર હિંદુ પ્રત્યેક અસ્પૃશ્ય ગણાતા ભાઇ-બહેનને અપનાવે તેનો હેતુ સેવાભાવ સ્પર્શ કરે, સ્પર્શ કરી પોતાને પાવન થયેલ માને, અસ્પૃશ્યતાના દુઃખો દૂર કરે, વર્ષો થયાં તેમને કચડી નાખવામાં આવેલ છે. તેથી તેમનામાં જે અજ્ઞાનાદિ દોષો પેસી ગયા છે.તે ધીરજપૂર્વક દૂર કરવામાં તેમને મદદ કરે અને આ બીજા હિંદુને કરવા મનાવે, પ્રેરે.

છેક આજની ઘડીએ હિંદુ ધર્મને વળગેલા અસ્પૃશ્યતારૂપી શાપને, કલંકને ધોઇ કાઢવાની જરૂરતો વિશે લંબાણથી લખવાની જરૂર નથી. આ બાબતમાં મહાસભાવાદીઓએ ઘણુ કર્યું છે. એ વાત સાચી છે પણ મારે દિલગીરી સાથે કહેવું પડે છે કે ઘણા મહાસભાવાદીઓએ અસ્પૃશ્યતા નિવારણને હિંદુઓને લાગે – વળગે છે તેટલા પ્રમાણમાં ખુદ હિંદુ ધર્મની હયાતીને માટે અનિવાર્ય ગણવાને બદલે કેવળ રાજકીય ગરજની એક બાબત

ગણી છે. હિંદુ કોંગ્રેસીઓ આ કાર્ય કરવામાં પોતાની સાર્થકતા છે એમ માનીને તેને ઉપાડી લે તો સનાતનીઓને નામે ઓળખાતા તેમના ધર્મબાંધવો પર આજ સુધી જેટલી અસર પડી છે તેના કરતાં અનેક ગણી વધારે અસર પહોંચાડીને તેમનું દિલ પલટાવી શક્યે.સનાતનીઓ પાસે તેમણે લડવાના જુસ્સામાં નહી પણ પોતાની અહિંસાને છાજે તેવી મિત્રાચારીની લાગણીથી પહોંચવું જોઇએ અને ખુદ હરિજનોની બાબતમાં તો એકેએક હિંદુએ તેમના કાર્યને પોતાનું માનીને તેમને મદદગાર થવું જોઇએ અને તેમના અકળાવી મુકે તેવા ભયાનક અળગાપણામાં તેમની પડખે જઇને ઊભા રહેવું જોઇએ અને એ વાતનો તો કોણ ઇન્કાર કરશે કે આપણા હરિજન ભાઇ-બહેનોને બાકીના હિંદુઓ પોતાનાથી બાદ રાખે છે ને પરિણામે તેમને જે બિહામણું ને રાક્ષસી અળગાપણું વેઠવું પડે છે તેનો જોટો દુનિયામાં બીજે કયાંય શોધેલો જડે તેમ નથી ? આ કામ કેટલું કપરું છે તે હું અનુભવે જાણું છું પણ સ્વરાજયની ઇમારત ઊભી કરવાનું જે કાર્ય આપણે લઇ બેઠા છીએ તેનો જ આ એક ભાગ છે.[૭૫]

અસ્પૃશ્યતા એ હિંદુ ધર્મનું અંગ હોય તો તેટલી હિંદુ ધર્મમાં શયતાનિયત છે એમ હું કહીશ પણ મારી દૃઢ માન્યતા છે કે હિંદુ ધર્મમાં તેવું કંઇ જ નથી. અમુક જાતના માણસોનો સ્પર્શ ન કરવામાં ધર્મ નથી, અધર્મ છે. અસ્પૃશ્યતાને ધર્મ ગણી આપણે અનેક પાપો કર્યાં છે. તેનું પ્રાયશ્ચિત આપણે કરવું જ રહ્યું. હું કોઇની સાથે રોટી વહેવાર કે બેટી વહેવારનું નથી કહેતો. માત્ર એટલું જ કહું છું કે સ્પર્શ કરવામાં આપણે દોષ માનીએ છીએ તે માન્યતા નિકળી જવી જોઇએ. આપણા એક અંગને અસ્પૃશ્ય ગણી આપણે સડવી નાખ્યું છે અને તેના દરદથી આપણું આખુ શરીર પીડાઇ રહ્યું છે. અંગ્રેજો આજે આપણને ભંગી ગણે છે, વસાહતોમાં આપણને વેપાર કરવાની જગ્યા અલગ આપવામાં આવે છે. રહેવાના લતા અને મુસાફરી કરવાને રેલગાડીના ડબ્બા આપણે માટે જુદા હોય છે. આપણે અસ્પૃશ્ય-પારિયા ગણાઇએ છીએ. આપણે આ અંત્યજો પ્રત્યેના વર્તનરૂપી લાંબા વખતથી ચાલ્યા આવતા અન્યાયને કાઢી નાખવો જ જોઇએ, જયારે આપણે આ બાબતમાં આપણું વર્તન ફેરવશું ત્યારે અંત્યજવર્ગનું જીવન વધારે સ્વચ્છ થશે. મારો અનુભવ એવો છે કે ઉચ્ચ કોમના ગણાતા ઘણા

કરતાં કેટલાયે અંત્યજોના ઘર વગેરે સાફ હોય છે. ભંગીનો ધંધો હલકો નથી. સમાજના જીવનને તે અગત્યનો છે. તે અપવિત્ર નથી. મેં પોતે દક્ષિણ આફ્રિકામાં તેમ જ અહીં ઘણી વખત દરદીઓના પાયખાના સાફ કર્યા છે પણ કોઇએ તે કામને કદી અપવિત્ર કે હલકું કહ્યું નથી, ઉલટા તે કાર્યના વખાણ કર્યા છે. દરેક માતા પોતાના બાળકોનું મેલું સાફ કરે છે. તેમાં સેવા રહેલી છે, મહત્તા રહેલી છે. માતાને સ્વપ્ને પણ કોઇ અસ્પૃશ્ય ગણશે ?[૭૬]

ગાંધીજી અસ્પૃશ્યતા વિશે માનતા હતા કે, આ કલંક જો મીટાવી શકાયું નહી તો સ્વયં હિંદુ ધર્મ પૃથ્વી પરથી નાશ પામશે, જયારે સવર્ણ સમાજ તેમને પોતાનામાં ભેળવી દેવાનો પ્રયત્ન કરશે, તો તેમણે-દલિતોએ પોતાની અનેક માન્યતાઓ, ધારણાઓ અને આદતોને બદલવી પડશે-છોડવી પડશે. આ ત્યારે જ શક્ય બનશે, જયારે હિંદુ સમાજ પોતાના હ્રદયને વિશાળ બનાવશે. આ પ્રક્રિયામાં સવર્ણ સમાજે પોતાના સામાજિક ન્યાય અને જુની ધાર્મિક માન્યતાઓને છોડવી પડશે.[૭૭]

ગાંધીજી કહેતા કે જો ભારતના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ એક સહ્રદય, પ્રમાણિક અને પવિત્ર ભંગી કન્યા થાય અને પંડિત નહેરૂ જેવી વ્યક્તિ તેની ફરજો બજાવવામાં પડખે રહે તો મને ખૂબ આનંદ થશે.[૭૮] તેઓ કહેતા કે, હું મારી પત્નીને પરણ્યો તે પહેલા ઘણા વખત પર અસ્પૃશતા નિવારણને વર્યો હતો.[૭૯] ગાંધીજી લખે છે કે, જો અસ્પૃશ્યતા ચાલુ રહેશે તો માત્ર હિંદુ ધર્મ નહિ પણ હિંદુસ્તાન ખતમ થઇ જશે. મારે ફરી જન્મ લેવો નથી પણ મારે ફરી જન્મવાનું જ હોય તો મને અછૂત તરીકે ફરી જન્મ મળે જેથી હું તેમના દુઃખ, સંકટો અને તેમને સહેવા પડતા અપમાનોમાં ભાગીદાર બની શકું આમ ઇચ્છવાનું કારણ એ છે કે આથી મને અને તમને દુઃખજનક સ્થિતિમાંથી ઉગારી શકું આથી હું પ્રભુને પ્રાર્થના કરું છું કે જો મારો ફરી જન્મ થવાનો હોય તો તે બ્રાહ્મણ, વૈશ્ય કે શૂદ્રનો નહિ પરંતુ અતિશૂદ્રનો થવો જોઇએ.[૮૦] તેઓ કહેતા કે, અસ્પૃશ્યતાને કાઢવા સારું આ શીશ સમર્પિત છે. હિંદના ગવર્નર કેવા હોવા જોઇએ એ વિશે ગાંધીજી લખે છે કે તેના દિલમાં કોઇપણ સ્વરૂપે અસ્પૃશ્યતાની ન્યાતજાત,

ધર્મ કે રંગના ભેદની ભાવના ન હોય, તેના આચરણ તેમજ વહેવારમાંથી સર્વ ધર્મના અને પશ્ચિમી તેમજ પૂર્વની સંસ્કૃતિના ઉત્તમોતમ તત્વોનું પ્રતિબિંબ ઊઠતું હોય. [૮૧]

ગાંધીજી કહેતા કે જો આત્મા એક જ છે. ઇશ્વર એક જ છે, તો અસ્પૃશ્ય કોઇ નથી એટલે અસ્પૃશ્યતા નિવારણ કરનાર ઢેડ ભંગીને અપનાવીને સંતોષ નહી માને, તે જીવમાત્રને પોતામા નહી જુએ તે પોતાને જીવમાત્રમાં નહી હોમી દે ત્યાં લગી શાંત થશે નહી. અસ્પૃશ્યતા નિવારવી એટલે જગતમાત્રની સાથે મૈત્રી રાખવી, તેના સેવક થવું. આમ જોતાં, અસ્પૃશ્યતા નિવારણ અહિંસાની જોડી બની જાય છે ને વસ્તુતઃ છે જ. અહિંસા એટલે છે જ. અહિંસા એટલે જીવમાત્ર પ્રત્યે પૂર્ણ પ્રેમ. અસ્પૃશ્યતા નિવારણનો પણ એ જ અર્થ છે. જીવમાત્રની સાથેનો ભેદ મટાડવો તે અસ્પૃશ્યતા નિવારણ. આમ અસ્પૃશ્યતાને જોતા તે દોષો થોડોઘણે અંશે જગતમાં વ્યાપક છે ખરો.[૮૨] આજે જે અસ્પૃશ્ય ગણાય છે એવા માણશે પોતાની હોડીમાં રામને ગંગા પાર કરાવી એવી વાત રામાયણમાં આવે છે. તો પછી રામાયણમાં એવી વાત કેમ આવે છે કે માણસ અસ્પૃશ્ય છે, કેમ કે એનો આત્મા ભ્રષ્ટ છે ? [૮૩]

ગાંધીજી કટાક્ષમાં કહે છે કે, અંત્યજ કોને કહેશો ? વણકર અંત્યજ ? ચામડાના લખપતિ વેપલી છે તે અંત્યજ ? કે કંચન બંધુ સ્વચ્છ કરે છે તે ? જેણે ચમારનો ધંધો છોડ્યો છે, જે ભંગી મોટર હાંકે છે, મિલમાં કામ કરે છે. હંમેશા નહાય ધુએ છે તે પણ અસ્પૃશ્ય ? [૮૪] ગ્રામસેવકોને ગાંધીજી શિખ આપતા કે, તે ઉપરાંત એણે હરિજનની સેવા કરવાની રહી. એણે ગામમાં નિવાસ કરતા હરિજનોને નોતરું આપી દેવું. આથી જો એને ગામમાં રહેવાની જગ્યા ન મળે, ત્યાં રહી હરિજનકાર્ય ન કરી શકે તો એણે હરિજનવાસમાં જઇને રહેવું જોઇએ.[૮૫] લોકોને એ કહેશે કે હું સેવા કરવા આવ્યો છું, મને પેટ પૂરતું આપજો, સંભવ છે કે લોકો એને તરછોડે એમ છતાં એણે ટકી રહેવું જોઇશે, કોઇક ઠેકાણે સનાતનીઓ એને ખાવાનું નહી આપે, તો હરિજનો તો આપશે જ. એણે જો સર્વાવર્ણ કર્યું હોય તો હરિજનો પાસેથી લેતા શરમાવવાની જરૂર નથી.

ગાંધીજી ચુસ્ત વૈષ્ણવ કુળમાં જન્મેલા હતાં, છતાં તેમણે છેક મૃત્યુ સુધી અસ્પૃશ્યતા વિરોધી ભાષણો, લખાણો, ઉપવાસ, પ્રવાસ અને પ્રચાર દ્વારા તન અને મનથી હિંદુઓના વિચાર અને આચારમાંથી અસ્પૃશ્યતા દૂર કરવાનું કાર્ય કર્યું. આ સમયે ગાંધીજી સમક્ષ ફક્ત અસ્પૃશ્યતા નિવારણનું એક જ ધ્યેય ન હતું. દેશને પરદેશી શાસનની ચૂંગાલમાંથી છોડાવી આઝાદી મેળવવી એ તેમનું સૌપ્રથમ ધ્યેય હતું. તેમની એ દૃઢ માન્યતા હતી કે દેશને સાચી આઝાદી ત્યારે જ મળી ગણાય જયારે તેની પ્રજા સર્વ પ્રકારના અન્યાયો અને અત્યાચારોમાંથી મુક્ત થાય.તેથી તેઓ પ્રત્યેક અત્યાચારનો પ્રતિકાર કરતા હતા. અસ્પૃશ્યતા નિવારણનો કાર્યક્રમ એ તેમની આઝાદીની લડતનું એક અંગ હતું.

## ➢ મૂલ્યાંકન

ગાંધીજીના અસ્પૃશ્યતા વિરોધી વિચારોએ સમગ્ર ગુજરાતના સમાજકારણને હચમચાવી નાંખ્યું હતું. ગુજરાતી નામના વર્તમાનપત્રે તો ગાંધીજીના વિચારોની આકરી ટીકા કરી. કવિ નર્મદની જેમ ગાંધીજીનું પણ હૃદય પરિવર્તન થશે તેવી ભવિષ્યવાણી કરી હતી. એની સામે વૈચારિક મક્કમતા દાખવતા કહ્યું કે, મારી ધાર્મિક જવાબદારી પૂરી સમજીને હું આ હિલચાલમાં ભાગ લઉં છું. કાળ જતા નર્મદાશંકરની જેમ વિચારો બદલાય તેવું ભવિષ્ય મારે વિશે પણ એક ટીકાકારે ભાખ્યું છે. જો એવો સમય આવે તો તે વેળા મેં હિંદુ ધર્મનો, ધર્મમાત્રનો જ ત્યાગ કર્યો સમજાશે. હિંદુ ધર્મને ઉપર્યુક્ત કલંકમાંથી છોડાવતા આ દેહ પડે તો પણ તેમાં વિશેષ કંઇ નથી. એવી મારી દૃઢ માન્યતા છે. જે ધર્મમાં નરસિંહ મહેતા ઇત્યાદી થયા છે તે ધર્મમાં અસ્પૃશ્યતાને અવકાશ ન જ હોય.[૮૬] શ્રી નારાયણ દેસાઇએ ગાંધીજીના કાર્યો સંદર્ભે યોગ્ય જ કહ્યું છે કે, શું રાજકારણમાં કે શું સમાજકારણમાં ગાંધીજીની સૌથી મોટી શક્તિ એ હતી કે, તેઓ જે વિચારતા કે કહેતા તે તરત આચરણમાં મુક્તા. એમનું જીવન જ એમની વાણી બની રહેતુ.[૮૭]

## પાદનોંધ


૧. નરહરિ, પરીખ (સંપા.), મહાદેવભાઈની ડાયરી, ભાગ-૨, અમદાવાદ, ૧૯૯૩, પૃ. ૭૧.

૨. મોહનદાસ, ગાંધી, સત્યના પ્રયોગો, અમદાવાદ, ૧૯૨૭, પૃ. ૩૬૨.

૩. એજન, પૃ. ૭૭.

૪. રમણ, મોદી, રચનાત્મક કાર્યક્રમનું સામાજિક દર્શન, અમદાવાદ, ૧૯૭૭, પૃ. ૫૨-૫૩.

૫. એજન.

૬. મોહનદાસ, ગાંધી, દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ, અમદાવાદ, ૧૯૪૮, પૃ. ૩૩.

૭. ગાંધીજીનો અંક્ષરદેહ, ભાગ -૧૯, પૃ. ૨૧૬.

૮. અરુણ, વાઘેલા, પંચમહાલ જિલ્લામાં ગાંધીવાદી રચનાત્મક પ્રવૃતિઓ અને સ્વાતંત્ર્ય સૈનિકો, અમદાવાદ, ૨૦૦૭, પૃ. ૧.

૯. www.youtube.com, sec, Documentary film, 'ભવની ભવાઈ'.

૧૦. ઊર્મિલા, પટેલ, ગુજરાતના વિકસતા સમુદાયો, અમદાવાદ, ૧૯૮૩, પૃ.૩.

૧૧. એજન, પૃ.૪.

૧૨. એજન, પૃ. ૨૩.

૧૩. નાથાલાલ,ગોહિલ, સૌરાષ્ટ્રના હરિજન ભક્ત કવિઓ, અમદાવાદ, ૧૯૮૭, પૃ. ૯.

૧૪. મકરંદ, મહેતા, હિંદુ વર્ણવ્યવસ્થા, સમાજ પરિવર્તન અને ગુજરાતના દલિતો, અમદાવાદ, ૧૯૯૫, પૃ. ૨૮.

૧૫. એજન, પૃ. ૨૯.

૧૬. સુમંત, મહેતા, ભોગીલાલ ગાંધી (સપા.), સમાજ દર્પણ, અમદાવાદ, ૧૯૭૧, પૃ. ૧૧૧.

૧૭. મકરંદ, મહેતા, પૂર્વોક્ત, પૃ. ૪.

૧૮. દલપત, શ્રીમાળી, સેવામૂર્તિ પરીક્ષિતલાલ, અમદાવાદ, ૧૯૭૦, પૃ. ૩૭.

૧૯. મકરંદ, મહેતા, પૂર્વોક્ત, પૃ. ૧૪-૧૫.

૨૦. એજન.

૨૧. એજન, પૃ. ૨૪.

૨૨. અર્જુન, પટેલ, ગુજરાતમાં દલિત અસ્મિતા, સુરત, ૨૦૦૫, પૃ. ૧૭-૧૮.

૨૩. અરુણ, વાઘેલા, ઈતિહાસ દર્પણ, અમદાવાદ, ૨૦૦૬, પૃ. ૫૧.

૨૪. એજન.

૨૫. એજન.

૨૬. હીરાલાલ, પારેખ, અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન, ભાગ-૩, અમદાવાદ, ૧૯૩૫, પૃ. ૧૬૬.

૨૭. અરુણ, વાઘેલા, પંચમહાલ જિલ્લામાં ગાંધીવાદી રચનાત્મક પ્રવૃતિઓ અને સ્વાતંત્ર્ય સૈનિકો, પૃ. ૪૪.

૨૮. દુર્ગારામ, શાસ્ત્રી, ગુજરાતનો મધ્યકાલીન રજપૂત ઈતિહાસ, અમદાવાદ, ૧૯૫૩, પૃ. ૩૦૨-૩૦૩.

૨૯. મકરંદ, મહેતા, પૂર્વોક્ત, પૃ. ૩-૪.

૩૦. કાકાસાહેબ, કાલેલકર, જીવન સંસ્કૃતિ, અમદાવાદ, ૧૯૪૬, પૃ. ૪૦૦.

૩૧.એજન, પૃ. ૫૭૨.

૩૨. એજન, પૃ. ૫૮૭.

૩૩. અરુણ, વાઘેલા, પંચમહાલ જિલ્લામાં ગાંધીવાદી રચનાત્મક પ્રવૃતિઓ અને સ્વાતંત્ર્ય સૈનિકો, પૃ. ૪૫.

૩૪. રમણ, મોદી, પૂર્વોક્ત, પૃ. ૫.

૩૫. શાંતિલાલ,દેસાઇ,રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગુજરાત, અમદાવાદ, ૧૯૭૨, પૃ. ૨૧૭.

૩૬. અંજના, શાહ, ગાંધીજી અને તેમના પાયાના કાર્યકરો, અમદાવાદ, પૃ. ૨.

૩૭. રમણ, મોદી, પૂર્વોક્ત, પૃ.૫૪.

૩૮. મોહનદાસ,ગાંધી, રચનાત્મક કાર્યક્રમ તેનું રહસ્ય અને સ્થાન, અમદાવાદ, ૧૯૪૧, પૃ. ૧૨.

૩૯.એજન, પૃ. ૪.

૪૦. રમણ, મોદી, પૂર્વોક્ત, પૃ. ૧૫૯.

૪૧.એજન, પૃ. ૮૦.

૪૨.એજન, પૃ. ૬૨.

૪૩. એજન, પૃ. ૫૩.

૪૪. મોહનદાસ, ગાંધી, રચનાત્મક કાર્યક્રમ તેનું રહસ્ય અને સ્થાન, પૃ. ૪૫.

૪૫. શાંતિલાલ, દેસાઇ, પૂર્વોક્ત, પૃ. ૨૨૨-૨૨૩.

૪૬. મોહનદાસ, ગાંધી, હિંદ સ્વરાજ, અમદાવાદ, ૧૯૬૩, પૃ. ૯.

૪૭. ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ-૧૯, પૃ. ૨૫૬.

૪૮. મોહનદાસ, ગાંધી, સત્યના પ્રયોગો, પૃ. ૧૩૮.

૪૯. રમણ, મોદી, પૂર્વોક્ત, પૃ.૮૭.

૫૦. એજન, પૃ.૧૩૪.

૫૧. નવજીવન, ૮ ડિસેમ્બર, ૧૯૨૦, પૃ.૫.

૫૨. નવજીવન, ૧૨ ડિસેમ્બર, ૧૯૨૦, પૃ.૧૧૬.

૫૩. કાકાસાહેબ, કાલેલકર, પૂર્વોક્ત, પૃ.૫૮૨-૫૮૩.

૫૪. ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ-૨૦, પૃ.૪૭૫.

૫૫. ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ-૨૫, પૃ.૪૮૧ થી ૪૮૩.

૫૬. મોહનદાસ, ગાંધી, મારા સ્વપ્નનું ભારત, અમદાવાદ, ૧૯૬૩, પૃ. ૨૪૫.

૫૭. એજન, પૃ.૨૪૬ થી ૨૪૮.

૫૮. એજન, પૃ.૨૪૯.

૫૯. નવજીવન, ૨૦ ડિસેમ્બર, ૧૯૩૧, પૃ.૧૪૪.

૬૦. મોહનદાસ,ગાંધી, મારા સ્વપ્નનું ભારત, પૃ.૨૪૪.

૬૧. એજન, પૃ. ૨૪૫.

૬૨. મોહનદાસ, ગાંધી, સર્વોદય દર્શન, અમદાવાદ,૧૯૬૪,પૃ.૩.

૬૩. હરિજન બંધુ,૨૪ ઓગષ્ટ,૧૯૪૭, પૃ. ૩૭૩.

૬૪. મોહનદાસ, ગાંધી, સર્વોદય દર્શન, પૃ. ૧૯૩.

૬૫. શંકરલાલ, બેંકર, ગાંધીજી અને રાષ્ટ્રીય પ્રવૃતિ, અમદાવાદ, પૃ. ૧૦૪.

૬૬. મોહનદાસ,ગાંધી, મારા સ્વપ્નનું ભારત, પૃ.૨૧૨-૨૧૩.

૬૭.એજન, પૃ. ૫૬-૫૭.

૬૮. એજન, પૃ. ૧૧૨.

૬૯. હરિજનબંધુ, ૩૧ જાન્યુઆરી, ૧૯૩૭, પૃ. ૩૭૩.

૭૦. હરિજનબંધુ, ૨૫ માર્ચ, ૧૯૩૪, પૃ. ૧૨.

૭૧. ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ-૧૪, પૃ. ૬૭૩.

૭૨. પંકજ, શ્રીમાળી, ઠક્કરબાપા, અમદાવાદ,૨૦૦૭. પૃ. ૪૩.

૭૩. અરુણ, વાઘેલા, પંચમહાલ જિલ્લામાં ગાંધીવાદી રચનાત્મક પ્રવૃતિઓ અને સ્વાતંત્ર્ય સૈનિકો, પૃ.૪૬.

૭૪. નરહરિ, પરીખ, ભાગ-૬, પૂર્વોક્ત, પૃ. ૪૬૧.

૭૫. મોહનદાસ,ગાંધી, સર્વોદય દર્શન, પૃ.૧૭૭.

૭૬. ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ-૧૧, પૃ. ૩૯૪-૩૯૫.

૭૭. हरिभाऊँ, उपाध्याय, बापू-कथा, वाराणसी, २०१४. पृ.४.

૭૮. ઊર્મિલા, પટેલ, પૂર્વોક્ત, પૃ. ૪૬૦.

૭૯. નવજીવન, ૮ નવેમ્બર, ૧૯૩૧, પૃ. ૮૯.

૮૦. નવજીવન, ૧૭ એપ્રિલ, ૧૯૨૧, પૃ. ૨૬૩.

૮૧. મોહનદાસ,ગાંધી, મારા સ્વપ્નનું ભારત, પૃ.૨૭૫.

૮૨. મોહનદાસ,ગાંધી, સર્વોદય દર્શન, પૃ.૩૨.

૮૩. YOUNG INDIA, 27 April,1921, p.135.

૮૪. ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ-૨૦, પૃ. ૩૦૦.

૮૫. હરિજનબંધુ, ૨ સપ્ટેમ્બર,૧૯૩૪, પૃ.૧૯૪.

૮૬. ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ-૧૪, પૃ. ૬૮.

૮૭. નારાયણ, દેસાઇ, મારું જીવન એજ મારી વાણી, અમદાવાદ, ૨૦૦૩, પૃ. ૧૬૯.